Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007


Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 28, Issue No. 02 | 10th November, 2023 | Annual Subscription Rs. 50=00

વર્ષ : ૨૮, અંક : ૦૨ | ૧૦મી નવેમ્બર, ૨૦૨૩ | વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦




(અનુષ્ટુપ)


**પુરુષાર્થે તમારા સૌ પ્રભુની સ્હાય ઊતરો,**
**નવા વર્ષે કરું એવી પ્રાર્થના પ્રભુની હું તો.**

*'જીવન પાથેય', બીજી આ., પૃ. ૫૫*

**'દીપાવલી પર્વની મંગલમય શુભેચ્છાઓ તથા નૂતન વર્ષાભિનંદન'**



મહાત્મા ગાંધીજી



જ્યોર્જ વૉશિંગટન કાર્વર

ગાંધીજી અને કાર્વરના જીવનમાં નાનુંમોટું એટલું બધું સામ્ય છે કે બંનેની જીવનકથા વાંચનારની દૃષ્ટિ બહાર તે કોઈ પણ રીતે રહી શકે જ નહિ. સમયની કિંમત આંકનાર બંને સરખા. એક પણ મિનિટ કે સેકન્ડ વ્યર્થ ન જાય એવી જાગૃતિ રાખનાર બંને સરખા. દુનિયા અને સાધારણ લોકો જે વસ્તુ તુચ્છ કે નકામી ગણી ફેંકી દે તેનો સમજપૂર્વક ઉપયોગ કરી તે નકામી ગણાતી વસ્તુમાં પણ શું મહત્ત્વ છે, એ પુરવાર કરી આપવામાં પણ બંને સરખા. નાતજાત, દેશવિદેશ કે ગરીબ-તવંગરનો કશો જ ભેદ રાખ્યા વિના બધાંની એક સરખી નિઃસ્વાર્થ સેવા અને સારવાર કરવામાં પણ બંનેની કુમળી લાગણી સમાન. ઉકરડામાંથી દરાખ પેદા કરવાની કળા પણ બંનેની સરખી. આમ, કાર્વર અને ગાંધીજીએ છેલ્લા સૈકાના અનેક નાસ્તિકોને માનવતાના મૂલ્યમાં શ્રદ્ધાળુ બનાવ્યા છે અને તેથી જ અસ્ત્રશસ્ત્રની હોડથી ભડકે બળતા વિશ્વમાં શાંતિનું શીતળ જળ છાંટી શકે એવા થોડા પણ માણસો ક્રિયાશીલ બનાવ્યા છે.

**- પંડિત સુખલાલજી**

સાભાર :- 'જ્યોર્જ વૉશિંગટન કાર્વર દેવદુત'
દ્વિતિય આવૃત્તિ, પૃષ્ઠ ૩

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : **સુરેશચંદ્ર વોરા**
સહાયક : **વિવેક દેસાઈ**

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**વર્ષ : ૨૮** **અંક : ૦૨** **નવેમ્બર, ૨૦૨૩**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. સુરેશચંદ્ર વોરા**
**ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,**
**નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,**
**નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,**
**Mo. / SMS / Whatsapp - 9427554391**
**ભેટની રકમ ઇન્કમટૅક્સ ઍક્ટની**
**કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.**
**ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો.**

ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
**બચત ખાતા નં.:** ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
**IFS Code : UCBA0001687**
**બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.**
Email : hariwanitrust@gmail.com

હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઇટ
**www.hariommota.org** ઉપર
‘હરિભાવ’ ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:** ૯૩૨૭૦૩૬૪૧૪

ટાઇટલ : **મયૂર જાની, મો.** ૯૪૨૮૪૦૪૪૪૩

**અનુક્રમ**

| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પદ્યપ્રસાદી ................................શ્રીમોટા | ૪ |
| ૨. | છતાં ભક્તિ ક્યાં ? ....... સંપાદક : રતિલાલ મહેતા | ૫ |
| ૩. | શ્રીમોટાના ૧૨૬મા જન્મદિન ઉત્સવ અહેવાલ ...... ..........................................ટ્રસ્ટીમંડળ | ૭ |
| ૪. | અનુભવીનું હાર્દ સમજવું મુશ્કેલ.............શ્રીમોટા | ૧૦ |
| ૫. | શ્રી અરવિંદ : દોઝખ તૂટી પડે તોયે હું અટકવાનો નથી ! .......... દિલીપકુમાર રાય અને ઇંદિરા દેવી ......................... અનુ. રમણલાલ સોની | ૧૨ |
| ૬. | મુક્તાત્માની અહેતુક પ્રીતિ .................શ્રીમોટા | ૧૩ |
| ૭. | હું આજે જે કંઈ છું તે પૂજ્યશ્રી મોટાની કૃપા સહાયથી જ છું ..............નિરંજન ચંદુભાઈ પટેલ | ૧૪ |
| ૮. | અનુભવીની લીલા ................ શ્રી કાર્તિકેય ભટ્ટ | ૧૮ |
| ૯. | બેબી કાર્વર ...................... મૃદુલા પ્ર. મહેતા | ૨૧ |
| ૧૦. | સંતો અને સંસાર .......... શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય | ૨૪ |
| ૧૧. | પૂજ્ય શ્રીમોટાના ૧૨૬મા જન્મદિન ઉત્સવની સાથે સાથે... ........................ સુરેશ વોરા | ૨૬ |

## શુભ દીપાવલી અને નૂતન વર્ષાભિનંદન

વિક્રમ સંવત ૨૦૮૦નો મંગલ પ્રારંભ તા. ૧૪ નવેમ્બર ૨૦૨૩થી થઈ રહ્યો છે. એ નિમિત્તે ‘હરિભાવ’ પરિવાર, શુભેચ્છકો અને વિવિધ સહાયકો પ્રત્યે આભારની લાગણી સાથે સર્વને **નૂતન વર્ષાભિનંદન** પાઠવે છે.

ઉપરાંત હાલ જ્યાં છીએ ત્યાંથી આગામી વર્ષ દરમિયાન જીવનવિકાસના માર્ગે એક તસુ જેટલા પણ આગળ વધી શકીએ એવા પુરુષાર્થ માટે શ્રીહરિચરણે પ્રાર્થના.

**ટ્રસ્ટીમંડળ**
હરિવાણી ટ્રસ્ટ, અમદાવાદ-૭

## (૧) પદ્યપ્રસાદી

શ્રીમોટા

**'યજ્ઞના ભાવની રીતે'**

કર્મ સાથે પડેલાં છે પાનાં તો આપણાં જગે,
યજ્ઞના ભાવની રીતે કર્મોને કરવાં ઘટે. ૧

યજ્ઞ એ તો પ્રભુ પોતે યજ્ઞ ને કર્મ એક છે,
કર્મ એથી બધાં જાણો પ્રસાદી પ્રભુની જ તે. ૨

જાણીને કર્મ એ રીતે જે જે કોઈ કર્યે જશે,
ના કાંઈ નડશે એને, કર્મ મુક્તિરૂપે થશે. ૩

જે રીતે પ્રભુને રુચે સૌ કરો કર્મ એ રીતે,
સાધના કર્મની એવી ભાવાર્થે તે થવી ઘટે. ૪

કોઈનેયે જગે વા'લું જો થવું હોય આપણે,
જે તેયે કરીએ છીએ તેની રીતે જ સર્વ તે. ૫

કર્મમાં યજ્ઞનો ભાવ તેથી સંપૂર્ણ જીવતો
-રાખી રાખી કરે કર્મ, કર્મ એને ફળાવતું. ૬

કર્મથી ભક્તિ ને જ્ઞાન સાકાર જીવને થતા,
તેથી તો કર્મનો યજ્ઞ, અનુભવી પ્રમાણતા. ૭

કર્મના સર્વ સંજોગો એમ ને એમ કેમ તે
-ફીટી કૈં જાય ? એને તો રહ્યા ભોગવવા ખરે. ૮

'કર્મમાં યજ્ઞ, ને યજ્ઞે વસેલા પ્રભુ' તો રહ્યું
-કર્મનું હાર્દ તેથી તો પ્રભુનું તત્ત્વ જાણવું. ૯

એ રીતે કર્મને જે કો વિશ્વે આચરશે હૃદે,
અગમ્ય કર્મની પાર એ રીતે માનવી થશે. ૧૦

તે વિના રીત કો બીજી એની પાર જવા નથી,
યજ્ઞભાવે બધાં કર્મો જીવને કરવાં ચહી. ૧૧

કર્મને પાર પાડવા તણો યજ્ઞ મળેલ છે,
શો પ્રેરાયેલ તેમાં તે એકધારો રહેલ છે ! ૧૨

જે રીતે સાધના હેતુ વધુ સારો ફળ્યા કરે,
રાખ્યા કરી તહીં લક્ષ આચરો કર્મ તે રીતે. ૧૩

થયેલું એ રીતે કર્મ પોતે યજ્ઞરૂપે બને,
થયેલું યજ્ઞરૂપે જે પ્રભુનું મુખ થાય છે. ૧૪

ચેતનાત્મક તે હેતુ જીવતોજાગતો હૃદે
-જલાવી, જે કરે કર્મ સાચો તે કર્મયજ્ઞ છે. ૧૫

**'ભાવમાં હેતુનું જ્ઞાન'**

કર્મમાં ભાવ જો ના હો, મિથ્યા કર્મ પ્રમાણવું,
ભાવ વિના કશું કર્મ કરવાનું ન રાખવું. ૧

પ્રકૃતિ સાથ તો કર્મ સંકળાયેલ જીવને,
કર્મ તો મુક્તિને અર્થે મળેલું હેતુપૂર્વક. ૨

જ્ઞાનપૂર્વક હેતુથી થતાં જતાં જ કર્મ તે,
સ્વભાવ મૂળનો જે છે સુધર્યા વિણ ર્‌હે ન તે. ૩

કર્મમાં ભાવ પ્રેરાતાં કર્મ જે કરણો વડે
-થતું હો, કિંતુ તે રીતે પછી કર્મ થશે ન તે. ૪

ભાવમાં હેતુનું જ્ઞાન આપમેળે રહે જ છે,
જે કર્મે ભાવ સંપૂર્ણ કર્મ તે રીત તો થશે. ૫

કર્મને તેથી હેતુના ભાવેથી કરતાં જતાં,
યોગ્ય વળાંક લેવાતો હોય છે જીવને તદા,
ભાવ સાકાર સંપૂર્ણ થાય ના કર્મના વિના. ૬

જીવન ઊર્ધ્વમાં ઊર્ધ્વે ઉત્કૃષ્ટ પ્રગટાવવા,
શો નિરંતરનો હોવો ઘટે ભાવ ઊંડો સદા ! ૭

કર્મ ભલે જ દ્વંદ્વાદિ ભૂમિકાનું રહ્યું જગે,
કિંતુ ભાવથી એને તો પાર કરી જવાય છે. ૮

કર્મ જડ ભલે પોતે, કર્મ સ્થૂળ ભલે જ તે,
કિંતુ જે કર્મમાં ભાવ, તે દ્વંદ્વાતીત છે મૂળે. ૯

'કર્મઉપાસના', ચો.આ., પૃ. ૪૧-૪૨ (સંકલિત) ❑

### છતાં ભક્તિ ક્યાં ?

પૂજ્ય શ્રીમોટા એક વહેલી સવારે આશ્રમમાં (સુરત) ભજનો લખાવતા હતા ત્યારે કીર્તિદાબહેન ચા લઈને તેમની કને જઈને કહે, : 'પ્રભુ, ચા લાવી છું.'

**શ્રીમોટા :** પેલા રતિભાઈ બહાદુર આવ્યા છે કે ?

**ઉત્તર :** હા જી.

**શ્રીમોટા :** આણે મારા ભજનમાં ભંગ પાડ્યો. તે ખૂબ ખોટું કર્યું. રતિભાઈએ તને આગળ ધરી ને તે બચી ગયા, પણ ભજનમાં ભંગ પાડે તે માફ ના થાય. (આવું તે ત્રણચાર વાર બોલ્યા)

**પ્રશ્ન :** મોટા, એનું પ્રાયશ્ચિત્ત નહિ ?

**ઉત્તર :** ના, અલ્યા, આટઆટલા અનુભવ થયા છતાં ભક્તિ ક્યાં પ્રગટી છે ? પગલાં પડ્યાં (સાંઈબાબાનાં) તેથી તારી ભક્તિ કેટલી વધી ? યાહોમ કરીને ઝુકાવવાનું ક્યાં થયું છે ?

**કીર્તિદાબહેન :** મોટા, મારોને તમાચો, ફરી જાય.

**ઉત્તર :** મારા કહ્યા પ્રમાણે કરતો હોય તો મારું. આપણે આપણું સંભાળતા નથી અને બીજાની પંચાતમાં કેમ પડવાનું થાય છે ? ખરી જિજ્ઞાસા જાગી હોય તો સ્મરણ, ભજન, નિવેદન કેમ થતાં નથી ? સ્વજનની જડતા બદલ તેઓશ્રી કોઈ વાર આ રીતે ઊભરો ઠાલવતા.

### બુદ્ધિભેદ પાડવાનું અમારું કામ નથી.

**પ્રશ્ન :** મોટા, લક્ષ્મીજીનું અનુષ્ઠાન કરવાથી લક્ષ્મી મળશે, એમ મારા ગુરુમહારાજે કહેલું, પણ કાંઈ વળ્યું નહિ, તો મારે એ જાણવું છે, કે મારા ગુરુમહારાજે જે જે કહેલું તે સાચું કે ખોટું ?

**ઉત્તર :** આવા સવાલનો જવાબ હું નહિ આપી શકું.

**પ્રશ્ન :** કેમ નહિ ? જવાબ ના આપો તે કેમ ચાલે ? (એકથી વધુ વાર એ ભાઈએ આવું પૂછ્યું.)

**ઉત્તર :** (ગરમ થઈને) : એકવાર તમને કહી દીધું, પણ તે બાબતે વારંવાર પૂછવું નહિ. કોઈનામાં બુદ્ધિભેદ પાડવાનું અમારું કામ નથી. આ ગીતામાતાનો આદેશ છે.

न बुद्धिभेदं जनयेत् अज्ञानां कर्मसंगिनाम् ।<br>
जोषयेत् सर्वकर्माणि विद्वान् युक्तः समाचरन् ॥<br>
(૩-૨૬)

અર્થ : જ્ઞાની માણસે કર્મફળને આસક્ત એવા અજ્ઞાની મનુષ્યોની બુદ્ધિને ડામાડોળ કરવી ના જોઈએ.

-એ ભાઈની એવી હઠ અને દુરાગ્રહથી શ્રીમોટા ખૂબ ગરમ થઈ ગયા હતા. પાછળથી એ ભાઈને પોતાની ભૂલ સમજાતાં ક્ષમા માગી.

### 'હવે પરવારવા માંડો'

પૂજ્ય શ્રીમોટા, મુંબઈમાં ભાઈશ્રી ચંદ્રકાંત મહેતાને ત્યાં હતા. ૧૯૭૩મા તેમને ત્યાંથી તા. ૨૬-૬-૧૯૭૩ને રોજ વહેલી સવારે અન્યત્ર

જવા તૈયાર થતાં શ્રી ચંદ્રકાંતભાઈનાં વયોવૃદ્ધ માતુશ્રીને શ્રીમોટા કહે, 'બા, હવે પરવારવા માંડો. હુંયે પરવારું છું. જે કંઈ ભેગું કરવાનું છે, તે ભેગું કરી લઉં છું. તમે હવે બીજી વાતોમાંથી મનને પાછું વાળી લો. આ બધાં (સગાંવહાલાં) કોઈ સાથે નહિ આવે. માત્ર ભગવાનનું નામ સાથે આવશે, એને જ હવે યાદ કરો. બીજી કોઈ માથાકૂટમાં પડશો નહિ. સ્મરણ કર્યા કરો.'

'હું એકવાર મારી બાને લઈને મારા ગુરુમહારાજ પાસે જવા તૈયાર થયો. નાનો ભાઈ બાને બહુ વહાલો તેથી તે કહે, 'સોમભાઈને સાથે લઈ લે.' મેં કહ્યું કે 'બા, સોમભાઈ હજુ નાનો છે. આમાં એ કંઈ સમજે નહિ અને નકામું ભાડું ખરચવું પડે. ગમે તેમ કરીને બે જણાના ભાડાની રકમ કોઈની કનેથી માગી લાવ્યો છું.' ગમે તેમ કરીને સમજાવી ત્યારે બા માની.

'પછી ગુરુમહારાજને આશ્રમે (સાંઈખેડા-જબલપુર પાસે) પહોંચ્યાં. ગુરુમહારાજ તો દિગંબર અને ગમે તેવું બોલે. એટલે મારી બા કહે, 'મેર મારા રોયા ! આની કને લાવ્યો ?' મેં એને બહુ સમજાવી, 'બા, જો તો ખરી ?' નિરાંત રાખીને તેનું દર્શન કરજે.

'પછી તો એની પાસે રૂ. પાંચ હતા, તે મેં તેને ગુરુમહારાજને આપવા કહ્યું, પણ તે આપે નહિ, 'હોવે ! બહુ પાછું તેં મને આપી દીધું છે ?' મેં કહ્યું, 'બા, તને પાંચના દશ આપીશ. મહારાજને આપ. તારું કલ્યાણ થઈ જશે.' પણ તેણે તે ન જ આપ્યા. પછી જોકે બાજરીનાં વડાં કરીને ખવડાવ્યાં હતાં.

'આવી પૈસાની માયા છે. તો બા, હવે બધું છોડવા માંડો. જેને જેમ કરવું હોય તેમ કરવા દો. આપણે તેમાંથી છૂટી જઈએ.'

**શ્રીમોટા, કેવું ધ્યાન રાખે છે !**

એકવાર અમે સવારે ચાર વાગ્યે ટેપ કરવા મશીન લઈને (મુંબઈમાં શ્રી હરસુખભાઈ જોગીને ઘરે) પહોંચી ગયાં. વીસેક મિનિટ સુધી તેઓશ્રી બોલ્યા. ટેપ બરાબર થયું હતું. બીજું કંઈ ખાસ પૂછ્યું ન હતું અને તેઓશ્રી શાંત રહ્યા. આરામ કરતા હોય એમ લાગ્યું. એટલે મશીન લઈને ઘેર ફર્યો. લગભગ પાંચ વાગ્યે ઘરે આવીને ટેપ વગાડી જોયું, બરાબર થયું હતું એટલે સંતોષ થયો. અને અંધારું કરીને થોડો જપ કરીને આડો પડ્યો. જ્યાં આંખ ઘેરાવા લાગી કે ટૅલિફોનની ઘંટડી વહેલી સવારની શાંતિને જગાડતી રણકી : 'રતિભાઈ, મોટા પુછાવે છે, કે ટેપ બરાબર થયું છેને ?' ભાઈ કિરણ જોગીનો અવાજ હતો : 'હા, આવીને થોડું વગાડી જોયું. બરાબર થયું છે. 'ભલે'. અને ભાઈ કિરણે ફોન મૂકી દીધો. મારાં પત્ની કહે, 'ટેપ મૂકોને, મોટાને સાંભળીએ સવારના પહોરમાં.' અને ટેપ ફરી મૂકી. વીસેક મિનિટ ચાલ્યું. આનંદ થયો. એટલામાં ફરીથી ફોનની ઘંટડી વાગી : 'રતિભાઈ, મોટા પુછાવે છે, કે ટેપ કરેલું સાંભળ્યું ? બરાબર સમજાય છેને ?' કિરણભાઈનો અવાજ હતો. આનંદ, આશ્ચર્ય અને સુખ લાગ્યું શ્રીમોટાના પ્રેમથી.

'હા, અમે બંનેએ બધું સાંભળ્યું. બરાબર સમજાયું છે. બહુ આનંદ થયો. મોટાને મારા વતી આભાર કહેશો.' આમ બે વાર તેમનો ફોન-સંદેશો આવતાં અમને ઘણો ઘણો આનંદ થયો. મારાં પત્ની બોલે, 'મોટા, કેવું ધ્યાન

**અનુસંધાન પેજ નં. ૧૧ પર**

## (૩) શ્રીમોટાના ૧૨૬મા જન્મદિન ઉત્સવ અહેવાલ

ટ્રસ્ટીમંડળ

પૂજ્ય શ્રીમોટાએ પોતાના ઉત્સવની ઉજવવાની સંમતિ ઊંડા હેતુપૂર્વક આપેલી હતી. તેઓશ્રીએ સમાજકલ્યાણનાં જે કાર્યો માટે રૂપિયા એકત્ર કરવા તેમજ તેઓને પરમાત્મારૂપનો અનુભવ થયા પછી તેઓશ્રીનું જીવન નિમિત્ત જીવન બની રહ્યું હતું. જેથી અનેક જીવો સાથે પોતાના અનેક જન્મના સંબંધો હતા એ બધા નિમિત્તો વહેલા મળી રહે એટલે કે એ માટેનો કાળ ટૂંકાવાથી પોતાના નિમિત્ત-સંબંધો કલ્યાણગામી થઈ શકે તે માટે બીજાં જન્મોની રાહ જોવાની રહે નહિ એ માટેની પ્રેરક શક્તિના સંસ્કારબીજની રોપણી થઈ શકે.

આપણા હૃદયને પૂજ્ય શ્રીમોટાના હૃદય સાથે જોડવાની તેમજ તેઓશ્રીએ ચિંધેલા ગુણ અને ભાવને આપણા જીવનમાં પ્રગટાવવાનું નિમિત્ત બને. આવા ઉત્સવમાં પૂજ્ય શ્રીમોટાની ચેતનાત્મક હાજરી અનુભવીએ તેમજ તેઓશ્રીની ચેતના શક્તિથી ભાવ પ્રગટાવીને તે ભાવને અનુસાર વર્તન કરી જીવન ધન્ય કરીએ. આવા ઉત્સવથી તેઓશ્રીની ભાવના અને એમના લખાણરૂપી સંદેશાને તથા પ્રેરેલા કર્મને અધિક વિસ્તારના લોકો સુધી પહોંચાડી શકાય.

હરિઃૐ આશ્રમમાં નાનામોટા નિર્ણયો લેવામાં અને એને પાર પાડવામાં પૂજ્ય શ્રીમોટાની ચેતનાશક્તિ જ કામ કરે છે અને ચેતનાશક્તિ સતત વિસ્તરતી જાય છે અને અનેક જીવોને આકર્ષી રહી છે.

પૂજ્ય શ્રીમોટાના ૧૨૬મા જન્મદિન સામૂહિક ઉત્સવના યજમાન નરોડા, અમદાવાદ તથા અન્ય સ્વજનો દ્વારા તા. ૭-૧૦-૨૦૨૩ શનિવાર અને તા. ૮-૧૦-૨૦૨૩ને રવિવારના રોજ પૂજ્ય શ્રીમોટા જેને ગોકુળિયું ગામ કહેતા હતા તેમાં અમદાવાદના નરોડા મુકામે શ્રી નરોડા કડવા પાટીદાર સમાજવાડીના વિશાળ પટાંગણમાં ઉજવાયો. ઉત્સવમાં બહારગામથી સુરત, લવાછા, વડોદરા તેમજ ગુજરાતના અન્ય સ્વજનોએ પોતાના કુટુંબ અને મિત્રવર્તુળસહિત ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહીને આ પ્રસંગને ભવ્ય રૂપ આપ્યું.

તા. ૭-૧૦-૨૦૨૩ને શનિવારના પ્રથમ દિવસે બપોરના ૩-૦૦ વાગ્યાના સમયે હરિઃૐ નામ સ્મરણ મંદિર, નરોડાથી શોભાયાત્રા ખુલ્લી બગી જેવી જીપમાં બેન્ડવાજા સાથે પૂજ્ય શ્રીમોટાની છબી સાથે કંચનબહેન બેસેલા. બહેનો દ્વારા હરિઃૐ 'નામસ્મરણ ધૂન તેમજ ગરબા ગાતા ઉત્સવના સ્થળે પહોંચ્યા.' ત્યાં પૂજ્ય શ્રીમોટાનું સામૈયું કરવા માટે અનેક સ્વજનો સમાજવાડી ખાતે હાજર રહેલા. પૂજ્ય શ્રીમોટાની છબીને હૉલમાં પધરાવવામાં આવી ત્યાં સુધી ગરબાની રમઝટ ચાલી. જાણે પૂજ્ય શ્રીમોટા સ્વંય સૂક્ષ્મ રીતે હાજર હોય તેવી અનુભૂતિ નરોડાની બહેનો દ્વારા કરવામાં આવેલ. હરિઃૐ ધૂન તેમજ ભજન ગાતા હતા તે વખતે થઈ. રાત્રે ૭ઃ૩૦ કલાકે સૌ માટે તૈયાર કરવામાં આવેલ ભોજન

પ્રસાદ ગ્રહણ કરવા માટે પહોંચ્યા. જ્યાં સૌના ભાવતાં ભોજનિયાં મોહનથાળ, ગોટા, બટાકાનું શાક, પૂરી, ચણા અને દાળ ભાત ખાતાં-ખાતાં સૌ એકબીજાનો પરિચય તેમજ આત્મીયતા કેળવીને પોતાના ગંતવ્ય સ્થાને ગયા.

તા. ૮-૧૦-૨૦૨૩ને રવિવારે બીજા દિવસે વહેલી સવારના સૌ સ્વજનોએ ૭-૩૦ વાગ્યા સુધી ચા અને અલ્પાહાર માણ્યો. ત્યારબાદ સૌ હોલમાં પ્રથમ માળે પહોંચીને પોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

નરોડા-અમદાવાદની બહેનો દ્વારા હાર્મોનિયમ-તબલાની સંગત સાથે નિત્ય પ્રાર્થના, પૂજ્ય શ્રીમોટાનું જન્મદિન મંગળાષ્ટક, હરિઃૐની ધૂન અને કંચનબહેન દ્વારા ભજનની પ્રસ્તુતિ કરવામાં આવી. ત્યારબાદ શ્રી ભીખાભાઈ તથા રાકેશભાઈ, ધનજીભાઈની ભજનમંડળી દ્વારા પૂજ્ય શ્રીમોટાનાં તેમજ અન્ય ભાવવાહી ભજનો રજૂ કરવામાં આવ્યા. સ્વજનો, ભાઈ-બહેનો ભાવની મસ્તીમાં ખૂબ જ નાચ્યા. સૌને ખૂબ મજા પડી.

પૂજ્ય શ્રીમોટાના અનન્ય ભક્ત સ્વજન ૮૦ વર્ષની જૈફ વયે પ્રોફેસર કાર્તિકેયભાઈ ભટ્ટ સાહેબ કે જેઓ અનુપરામ (એ. જી. ભટ્ટ) સાહેબના દીકરા થાય. તેઓએ ઉત્સવનો કાર્યક્રમ તેઓના પ્રવચન દ્વારા આગળ વધાર્યો. તેઓશ્રીએ જણાવ્યું કે હું જે કંઈ બાબત કહેવા આવ્યો છું તે મારી હાજરીમાં પૂજ્ય શ્રીમોટાના જે પ્રસંગો છે તો જરાય અતિશ્યોક્તિ વગર કહેવા આવ્યો છું. અઠવાડિયા અગાઉ જ મને જીવરાજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. આમ તેઓની નાદુરસ્ત તબિયત હોવા છતાં પોતાનો આ સૌ પ્રથમ અને છેલ્લી વખત પોતાના અનુભવો વ્યક્ત કરવા આવ્યો છું. તેઓ જ્યારે વીસ વર્ષની ઉંમરના હતા ત્યારે તા. ૧-૪-૧૯૭૨નો રોજ પૂજ્ય શ્રીમોટા પધારેલા ત્યારે તેઓને સ્નાન કરાવવા માટે પાણીની તંગી હોવા છતાં પાણીથી પીપડું ભરેલ. મુરબ્બી શ્રી ઈન્દુકાકા પૂજ્યશ્રી મોટાને બાલ્ટી (ડોલ) વડે સ્નાન કરાવતા હતા ત્યારે પૂજ્ય શ્રીમોટા અંતર્યામીપણાને કારણે આપણા વિચારો પૂજ્ય શ્રીમોટા પકડીને ઈન્દુકાકાને સ્નાન કરાવતા રોકીને કહ્યું અલી, છોડી, તારો આ મોટો ગાંડો છે એટલે આવી રીતે સ્નાન કરે છે ! આમ મારી બહેનને જણાવ્યું. પંચશીલ સોસાયટીમાં પૂજ્ય શ્રીમોટા પધારેલા ત્યારે અનંતરાય ભટ્ટ સાહેબને બોલાવેલા અને મોટાએ ભટ્ટ સાહેબને ચા મંગાવીને આપી. પૂજ્ય શ્રીમોટા અનંતરાય ભટ્ટ સાહેબને ઋષિ તરીકે સંબોધતા અને કહેતા કે ભટ્ટ સાહેબ અમે તો શાસ્ત્રો ભણ્યા નથી પણ અમારું લખાણ શાસ્ત્રોક્ત છે કે નહિ તે તમે જણાવો અને ભટ્ટ સાહેબ તેને અનુમોદન આપતા.

ચેતન એટલે પરમાત્મા અને અનુભવી (સાક્ષાત્કારી) પુરુષમાં ભેદ જણાવેલ ચેતન સર્વત્ર વ્યાપ્ત છે. જ્યારે અનુભવી પુરુષની મર્યાદા છે કે તે તેનું નિમિત્ત જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં હાજર રહી શકે અને નિમિત્ત કહ્યું કે આ જન્મના કે અનંત જન્મોના મારા સંપર્કમાં આવેલ લોકોના સંપર્કોના કારણે નિમિત્ત હોય. જેથી પૂજ્ય શ્રીમોટા ઉત્સવ મારફતે પોતાના નિમિત્ત ઝડપ લાવી શકે.

કાર્તિકેય ભટ્ટ સાહેબે તેમના પ્રવચનમાં શ્રી તાવરીયા સાહેબે તેમના પુસ્તકમાં કોન્સિયસ બર્થ અને કોન્સિયસ ડેથની વાત લખી છે તે પૂજ્ય શ્રીમોટાએ સાબિત કરી આપી.

**કોન્સિયસ બર્થ :** હવે પછીનો જન્મ સ્ત્રી શરીર રૂપે લેવો છે અને હમણા વિચાર માંડી વાળ્યો છે કેમ કે મારી સાથે મારી ટીમ લઈને જન્મ ધારણ કરવો છે. આને સભાન જન્મ ધારણ કરવાનું કહેવાય.

**કોન્સિયસ ડેથ :** (૧) પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૨-૭-૧૯૭૬ એલેમ્બિકના ચેરમેનશ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં દેહ છોડવાની બાબતની જાણ કરીને ત્યાં ગયા. (૨) તા. ૧૯-૭-૧૯૭૬ના દિવસે પત્રમાં દેહ છોડવાની અને વસિયતનામું લખ્યું. (૩) ફક્ત છ જણની હાજરીમાં આરામથી દેહ છોડ્યો.

નામસ્મરણ પ્રત્યક્ષ સોળથી અઢાર કલાક સુધી કરતા થાવ તો શ્રી હરિ તમારું કલ્યાણ કરશે.

શ્રી કાર્તિકેયભાઈ ભટ્ટ સાહેબ પોતાને મોટાનો છોટુ તરીકે કહેતા અને મારાથી મોટા નહિ ભુલાય, નહિ ભુલાય, નહિ ભુલાય.

ત્યારબાદ બીજા વક્તા માનસીબહેન કે જે નડિયાદ/અમેરિકાનિવાસી પ્રોફેસર હર્ષદભાઈ શાહ કે જે પૂજ્ય શ્રીમોટાના પરમ ભક્ત હતા અને પૂજ્ય શ્રીમોટા વિષે પુસ્તક લખેલાં છે. તેમના દીકરી થાય તેઓએ પૂજ્ય શ્રીમોટાનું જન્મદિવસનું પ્રવચન વાંચી સંભળાવ્યું.

હરિઃૐ આશ્રમના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી જિતેન્દ્રભાઈ અમીને પ્રાસંગિક પ્રવચન અને આશ્રમનાં અહેવાલની વિગતો જણાવી.

ડૉ. વિક્રમ સારાભાઈ રિસર્ચ ઍવોર્ડના કૉર્પસ ફંડની સ્વજનો સમક્ષ રૂ. પાંચ કરોડની જે ટહેલ નાંખી તેના આજ તારીખ ૮-૧૦-૨૦૨૩ સુધીમાં રૂ. ચાર કરોડ ૭૮ લાખ જેટલી રકમ સ્વજનોના ઉત્સાહ થકી મેળવી શકાઈ છે. તેમાંય પૂજ્ય શ્રીમોટાના એક અનન્ય સ્વજન પતિપત્ની દ્વારા નામ નહિ જાહેર કરવાની શરતે તેઓનાં માતાપિતાની સમર્પણાંજલિરૂપે એક કરોડ અને ૨૫ લાખની માતબર રકમ પૂજ્ય શ્રીમોટા જણાવ્યા મુજબ મનમાં સહેજ પણ સંશય રાખ્યા સિવાય સમર્પિત કરી છે. પૂ. શ્રીમોટા તેઓ પતિપત્ની તેમજ તેમનાં માતાપિતાને ઉચ્ચ આધ્યાત્મિકતા પ્રદાન કરે તેવી હૃદયના ગદ્ગદિત ભાવોત્સાહી પ્રાર્થના.

(૨) ડૉ. નિતીનભાઈ સુરતના શાહ સાહેબે પૂજ્ય શ્રીમોટા સાથેના પોતાના અંગત અનુભવો જણાવ્યા અને તેઓ પતિપત્ની બંનેએ સમર્પણાંજલિ આ યજ્ઞમાં રૂ. એકસઠ લાખ રૂ. આપવાની સંમતિ આપી. તેઓનું પણ શ્રીહરિ મોટા ખૂબ જ ઉચ્ચ શ્રેય પ્રેરે તેવી હૃદયથી પ્રાર્થના.

હરિઃૐ આશ્રમ, નડિયાદ. ❑

## (૪) અનુભવીનું હાર્દ સમજવું મુશ્કેલ

**શ્રીમોટા :** નડિયાદમાં શેઢી નદીને કિનારે ટેકરા પરના વડ પર મને બેસાડ્યો અને પૂજ્ય બાળયોગીજીએ કહ્યું, 'તારે ભગવાનનું નામ લીધા કરવાનું.' એકવાર મારી પાસે પથ્થર લઈને આવેલા. મને કહે, 'મારીશ.' મેં માન્યું કે એ તો અમસ્તા કહે-કંઈ મારે ખરા ? ખરેખર એમણે પથ્થર માર્યો. તે પછી મારામાં એવી કળ આવી કે પડતો પડતો-મારા હાથમાં ડાળ આવી તે બચી ગયો. પછી મેં કહ્યું, 'પ્રભુ, તમે મને માર્યો. આટલી કળ આવી. હું તો મરી જાત.' 'ના, તું મરત નહિ. મને ખાતરી છે.' મેં કહ્યું, 'તમે તો મોઢેથી કહો. અહીં મારી શી સ્થિતિ થાય છે ?' 'હું તને કહું છું, તને કંઈ ખબર નહિ પડે. અહીં તારો આશ્રમ થશે અને તારાથી ઘણાં મોટાં મોટાં કામ થશે.' તે વખતે મારાથી શી રીતે મનાય ? મનાય જ નહિ. આ તો મને માર્યો છે, એ લાગણી ભુલાઈ જાય તેથી સારું લગાડવા કહે છે. એ રીતે જ મેં એ હકીકત માનેલી, પણ એ હકીકત બની ત્યારે એ વાત મને યાદ આવેલી કે આવા લોકો કહે પણ આપણી તૈયારી ના હોય તો એ હકીકત સાચી હોય છતાં પણ આપણને એ હકીકત સાચી ના લાગી શકે આવી વાત છે.

તા. ૧૬-૬-૧૯૭૪

**સ્વજન :** એમને ખ્યાલ તો આવી જ જાય ને ?

**શ્રીમોટા :** આવી જ ગયેલો-એટલે કહેલું કે 'અહીં તારો આશ્રમ થશે.'

**સ્વજન :** આપને માર્યા હશે એમાં કશો હેતુ હશે ને ?

**શ્રીમોટા :** જાણી જોઈને મારેલો-જ્ઞાનપૂર્વક, સમજીને. એમ ને એમ નહિ. ત્યારે હું ભગવાનનું નામ બોલતો હતો. હેતુ એ કે, 'તંદ્રામાં બોલે તે નહિ ચાલે. જાગૃતિપૂર્વક, સમજણપૂર્વક બોલો.' ત્યારથી આ વાત મને ગળે ઊતરી ગયેલી. જરા પણ તામસ કે અજ્ઞાનની રીતે કે ગમે તે રીતે આપણે કોઈ પણ કામ કરીએ તો એનું પરિણામ ઉત્તમ નહિ આવે, તો આપણે સમજણપૂર્વક જે તે કરવું જોઈએ. આપણે શા માટે કરીએ છીએ ? એટલે આપણા હેતુની સભાનતા રહેવી જ જોઈએ. દરેક કર્મમાં-સંસારવહેવારની રીતે વિચારીએ, તો આપણને સ્વાર્થ હોય છે, તો એ સ્વાર્થની સભાનતા આપણને રહે છે જ. જો એ સભાનતા ન રહે તો એમ માનવું કે એટલા પ્રમાણમાં આપણને સ્વાર્થ લાગ્યો નથી. મને સ્વાર્થ લાગ્યો હોય ત્યારે સભાનતા રહે, રહે ને રહે જ. એ સાઈકૉલૉજિકલ ટ્રુથ (મનોવૈજ્ઞાનિક સત્ય) છે. એટલે ત્યારથી હું એ સમજી ગયેલો. ગુરુમહારાજે ભલે મને પથ્થર માર્યો પણ ત્યારે એમણે મને જ્ઞાન આપી દીધેલું અને હંમેશને માટે એ ટકેલું રહ્યું એ એની મોટામાં મોટી કૃપા. એટલે આવા માણસનું દેખીતી રીતનું કર્મ તદ્દન અયોગ્ય લાગે પણ એનું પરિણામ શુભ આવે. તે વખતે હું તો બહુ જીવદશાવાળો માણસ. કંઈ સમજતો ન હતો, પણ મને એ તદ્દન ખ્યાલમાં બેસી ગયું કે કોઈ પણ કર્મ

કરવું તો યોગ્ય પ્રકારની સમજણથી અને તેની પાછળ હેતુની સભાનતા જીવતીજાગતી ચેતનાત્મક હોવી જ જોઈએ. એ ત્યારથી બરાબર બેસી ગયું. એ પથ્થર માર્યો એ આપણા માટે સામાન્ય રીતે તો ખરાબ કર્મ કહેવાય, પણ મને એ જ્ઞાન બરાબર બેસી ગયું.

કેટલીક વાર એવું હોય છે કે સાહેબ, સત્ય પ્રગટ થાય. આપણી કલ્પનામાં પણ ના આવે પણ સત્ય પ્રગટ થાય. એના પૂરેપૂરા અંશમાં, તોપણ આપણાથી યોગ્ય રીતે ઝીલી ના શકાય-માણસની તૈયારી ના હોય તો. મને સાંઈબાબા મળેલા ત્યારે એમણે મને ચાંદીનો એક રૂપિયો આપ્યો. કહ્યું, 'આ રૂપિયો તું રાખ. તને આપું છું. તને રૂપિયા મળ્યા જ કરશે. તારી માને મોકલ. પૂજા કરે. ગરીબી દૂર થશે.' આ બધા શબ્દો રણકારની પેઠે યાદ રહે છે. મને થયું બહુ સારી વાત થઈ. ચાલો ભગવાને કૃપા કરી. પછી મેં તો રજિસ્ટર પોસ્ટ મારફત મારી માને એ રૂપિયો મોકલી આપ્યો અને લખ્યું કે 'તું રોજ આની પૂજા કરજે.' એ તો સાંઈબાબાનું કંઈ નામ જાણે નહિ. એટલે મેં લખેલું 'સાધુ મહારાજ'. મારી માએ તો એને કશું ઈમ્પૉર્ટન્સ-(મહત્ત્વ) આપ્યું નહિ અને રૂપિયો ખોઈ નાખ્યો અને ગરીબી તો એવી ને એવી જ રહી. મને ભગવાનની કૃપાથી મળ્યા કર્યા. હવે બે જ જીવો એકની સાથે સંકળાયેલા, એક જ હકીકત સાથે. એકને ફળ્યું અને એકને ના ફળ્યું, તો સત્ય અવતરવાની તૈયારીમાં એની ઇચ્છા પૂરેપૂરી. સોએ સો ટકા. પણ પેલાને ના થયું.

'જન્મ-પુનર્જન્મ', ત્રી.આ., પૃ. ૪૮-૫૦ ❑

**અનુસંધાન પેજ નં. ૬ નું ચાલુ**

રાખે છે ત્યાં બેઠા બેઠા ! ઘરમાં આવી ગયા !' 'હા, હા, આપણા મનની બધી વાતો તેઓ જાણે છે, સાંભળે છે ત્યાં બેઠા બેઠા, એ આ પરથી સાબિત થાય છે.'

મને આ ટેપ કર્યા પછી સહેજ અસંતોષ રહ્યો હતો. તેમણે તેમના વક્તવ્યના અનુસંધાનમાં તેમના મોટા ભાઈની બીમારી, તેમનાં દવાદારૂ અંગે થયેલું દેવું, પેલા ભજનમાંથી ('હરિને ભજતાં...') મળેલી પ્રેરણા વગેરે વાતો આશ્રમે કહેલી, તે આ વખતે તેમણે કરી ન હતી એટલે એટલું ઓછું લાગતું હતું. ને એ બધું વિચારતો હતો એટલામાં ભાઈ કિરણનો સંદેશો ત્રીજી વાર ફોન પર આવ્યો : 'રતિભાઈ, મોટા કહે છે, કે 'બીજું જો કંઈ પૂછવું હોય તો મશીન લઈને પાછા આવો.' 'હમણાં જ આવું છું.' એમ કહીને અમે પાછા સાનંદ તેમની કને પહોંચ્યા. શ્રીમોટાનું ધ્યાન અમારા પર કેંદ્રિત હતું તે કહેવાની જરૂર નથી.

શ્રીમોટાને તેમને માથે તેમના મોટા ભાઈની બીમારી અંગે થઈ ગયેલું દેવું ને અગમ્ય રીતે તે પાછું વળાઈ ગયેલ તેની વાત કહેવા વિનંતી કરી. ત્યારે તેમણે, તેવી અંગત વાત ટેપ ના થાય, માત્ર તમારી જાણ માટે કહું, 'એમ કહીને આખી વાત કરી. (આ વાત અન્યત્ર આવી ગઈ છે.) આવો પૂજ્યશ્રીનો સ્વજનો માટે પ્રેમ હતો ! તેઓશ્રી આપણો મનોવ્યાપાર પણ જાણતા હોય છે, તે આ દાખલા પરથી સ્પષ્ટપણે સમજાય છે.'

'શ્રીમોટા સાથે વાર્તાલાપ', ત્રી.આ., પૃ. ૧૮૩-૧૮૬ ❑

## (૫) શ્રી અરવિંદ : દોઝખ તૂટી પડે તોયે હું અટકવાનો નથી !

**દિલીપકુમાર રાય અને ઈંદિરા દેવી**
**અનુ. રમણલાલ સોની**

સૌથી વધારે તો એટલા માટે કે એમના અણનમ આત્માનું શૌર્ય અપરાજેય હતું. મારા પરના એક પત્રમાં તેમણે લખ્યું હતું :

પાર્થિવ ચેતનામાં મારે અંદરનું સત્ય, પ્રકાશ, સંવાદિતા અને શાંતિના મૂળભૂત તત્ત્વનું અવતરણ કરવું છે. હું ઊંચે એને જોઈ શકું છું, અને એ શું છે તે જાણું છું - હું એને ઉપરથી મારી ચેતના પર પ્રકાશતું અનુભવું છું, અને અર્ધ-પ્રકાશ અર્ધ-અંધકારમાં પડી રહેતી માનવીની પ્રકૃતિને બદલે, આખાયે માનવ શરીરને તે તત્ત્વ પોતાની હકૂમતમાં લઈ શકે એવું કરવાનો માર્ગ હું શોધી રહ્યો છું. હું માનું છું કે અહીં પૃથ્વી પર દિવ્ય ચેતનાના વિકાસના માર્ગ ઉઘાડી દેનારું આ સત્યનું અવતરણ પાર્થિવ વિકાસનો પાયાનો હેતુ છે...ઈશ્વરની આવી ઈચ્છા છે કે નહિ, એ તત્ત્વને નીચે લઈ આવવા, અથવા તો એના અવતરણનો માર્ગ તૈયાર કરવા અથવા તો છેવટે અવતરણને વધારે શક્ય બનાવવા માટે મને અહીં મોકલવામાં આવ્યો છે કે નહિ - મારી અને ઈશ્વરની વચ્ચેનો આ સવાલ છે. ભલે આખી દુનિયા મને હસે, અથવા તો મારી ધૃષ્ટતા માટે મારા પર આખું દોઝખ તૂટી પડે - પણ હું આગળ વધતો અટકવાનો નથી. કાં વિજય, કાં વિનાશ ! - એક વાત નક્કી કે મને કે બીજાઓને મોટાઈ મળે એટલા માટે હું કશું જ કરતો નથી !

દરેક દેશના મહાન દૃષ્ટાઓએ એક અવાજે કહ્યું છે કે ચેતનાના ઊંચામાં ઊંચા સ્તરે જ્ઞાન અને ભક્તિ વચ્ચે કંઈ જ ફરક દેખાતો નથી. તેમ છતાં, ચેતનાના નીચલા સ્તરો પર જ્ઞાન અને ભક્તિ યા પ્રેમ સાવ અલગ લય અને સૂરમાં પ્રગટ થાય છે એ કબૂલ કરવું પડશે. તેથી શ્રીકૃષ્ણપ્રેમના શબ્દોમાં કહું તો 'જ્યાં સુધી આપણે જ્ઞાન પર વધારે ભક્તિ કરતા ન થઈએ અને ભક્તિને વધારે જાણતા ન થઈએ ત્યાં સુધી આ વિષે આપણે ચુકાદો ન આપીએ એ વધારે સલાહભર્યું છે.' તે પછી આપણે શ્રી અરવિંદની પેલી દૃષ્ટિ પ્રાપ્ત કરવા શક્તિમાન થઈશું, જેને લીધે તેઓ ઈશ્વરને કેવળ પ્રેમસ્વરૂપ નહિ, પણ - ભાગવત કહે છે તેમ - 'પ્રેમના દાસ' તરીકે જોઈ શકતા હતા.

વ્યાપ્ત તું સર્વ બ્રહ્માંડે, બિરાજે તોય ઊપરે !
કર્તા, જ્ઞાતા નિયંતા તું, ધણી તું સર્વનોય તે,
છતાં તું પ્રેમનો દાસ !

એ દૃષ્ટિએ શ્રી અરવિંદને ક્ષુદ્રમાં ક્ષુદ્ર રૂપે અવતરવાને તત્પર વિરાટ સરજનહારનો સાક્ષાત્કાર કરાવ્યો હતો :

ના તને જરીકે ઘૃણા આ કીટ પતંગાદિ કે ઢેફું માટીનું ય તે ! તારી આ નમ્રતા દેખી તારો આ પ્રેમ ભાળીને અમે જાણી લીધું કે તું છે પ્રભુ પરમેશ્વર !

શ્રી અરવિંદનાં મેં પ્રથમ દર્શન કર્યાં તે પહેલાં, મહાન ઋષિ તરીકે હું તેમનું ગૌરવ કરતો હતો, છતાં મારા મનમાં એક વાતનો ભારે અફસોસ રહ્યા કરતો હતો કે એ આપણાથી એટલા બધા દૂર રહે છે કે એમની પાસેથી સીધી મદદ કે માર્ગદર્શન મેળવી શકાય

**અનુસંધાન પેજ નં. ૨૦ પર**

# (૬) મુક્તાત્માની અહેતુક પ્રીતિ

શ્રીમોટા

પ્રિય ભાઈ તથા બહેન,

મારે માટે તને હૈયાની લાગણી નથી તેટલું જ નહિ, પરંતુ અન્યથા વૃત્તિઓ પણ છે જ. તેં આ જીવને ઘણો ભાંડેલો છે અને એના ફોટાને તેં ઊંધા ટીંગાવેલા છે અને તેમ મારા દેખતાં કહેલું છે. જોકે તેમ કરવામાં મનનો છૂપો હેતુ હતો. આ બધું જ જાણવા છતાં તમારા બંને ઉપર મને કદી અન્યથાપણું પ્રગટ્યું નથી કે નથી તમારો સંબંધ મૂકી દીધો. તમે તો ઘણીવાર આ જીવને તરછોડ્યો છે. અવગણના પણ કરી છે, તેમ છતાં તમે તો મારાં દિલનાં જ સ્વજન છો અને રહેવાનાં છો.

મારી પ્રાર્થનાથી તમારા શરીરને સારું થતું જાય છે એમ માનવાથી કરી તમારાં શ્રદ્ધા, ભક્તિ વધે તો તે ઉત્તમ છે. બાકી Third grade Malignant ટાઈપનું કૅન્સર હોય તેને માટે તે યોગ્ય થાય એવી શક્યતા અંગે જે તે બધા ના પાડે છે. બધે જ્યાં ત્યાં પૂછી જોયેલું છે, પણ તેથી કંઈ આપણે થોડું જ બેસી રહેવાનું હોય ? આપણાથી બને તે શક્ય ઉપાય તો કરતા જ રહેવું.

સંગ્રામ એ તો જીવનનો મોટામાં મોટો ધર્મ છે. જે આડે આવતું હોય તેની સામે તો અંતરના ઘણા પરાક્રમથી સંગ્રામ કર્યા જ કરવાનો હોય. તેથી આમ જ થવાનું હોય તોપણ તેને કેમ ફેરવી શકાય નહિ ? મતલબ કે ફેરવી શકાય એવી અંતરની ભાવના જીવતી કરી કરીને એ હરિને ચરણકમળે પ્રાર્થના કર્યા કરવાની રહે છે. અને પ્રાર્થનામાં માત્ર શરીર જ હોય છે તેવું કંઈ જ નથી. એની સમગ્રતા અને સળંગતા પણ હોય છે.

તમારા શરીરને સારું થતું આવે છે તેથી હમણાં રાજી થવાનું નથી, એવું સારું નરસું ચાલ્યા જ કરે છે. કઈ વખતે કોલેપ્સ થઈ બેસે તે કહેવાય નહિ. એકવાર સંપૂર્ણ સાજા થઈ જાવ પછી તો તમારે મારા સાચે સાચા ભક્ત બની જવું.

## દુર્લભ દેહ

પ્રિય ભાઈ તથા બહેન,

શરીરને હું તો ઘણું ઘણું મહત્ત્વ આપું છું. ચેતનના અનુભવ કાજે શરીર મહત્ત્વનું છે. માનવશરીર વિના તેવો અનુભવ શક્ય નથી. અને જે આદર્શની ટોચે પહોંચવું છે તે શિખરે શરીર વિના, શરીરના આધાર વિના ચઢી શકાવું શક્ય પણ નથી. માનવીપણાંના આવાં કેટલાંય શરીર-અસંખ્ય શરીર-ખોળિયાં ખોયાં પછીથી પ્રભુથી-પ્રભુની કૃપાથી કોઈક જ માનવજન્મવાળા શરીરધારી જીવથી એને-પ્રભુને ખોજવાનું બની શકે છે, તેમાંય એવી ખોજ કરવાવાળામાં ભાગ્યે જ કોઈકને સાચી ધગધગતી તમન્ના વળગેલી હોય છે. એવી તમન્નાવાળામાંથી કોઈક એને અનુભવી શકે છે. તેથી આવું માનવી શરીર દુર્લભ ગણેલું છે. તે માટે એનું જતન કરવું જરૂરી છે. તેથી શરીર ટકતું હોય અને ન ટકતું હોય તોપણ એ વહાલાના કૃપાબળને નોતરવા સદાય આ જીવ તો ઉદ્યત રહેતો હોય છે.

જોકે આજ કે કાલ શરીરને જવાપણું તો રહેલું છે તે હકીકત છે, તેમ છતાં તે સાથે સાથે શરીરની

**અનુસંધાન પેજ નં. ૨૩ પર**

## (૭) હું આજે જે કંઈ છું તે પૂજ્યશ્રી મોટાની કૃપાસહાયથી જ છું

**નિરંજન ચંદુભાઈ પટેલ**

પૂજ્યશ્રી મોટાની એક ટેપવાણી છે, તેમાં એક બે સ્વજનોનાં નામના ઉલ્લેખ સાથે તેમના જીવનમાં શ્રી હરિકૃપાથી જે ઘટનાઓ બની હતી તેનો ઉલ્લેખ છે. સાથોસાથ કોઈ સ્વજન એવા દાખલા ભેગા કરી રાખે તો ભવિષ્યમાં બાયોગ્રાફીમાં તે ખપ લાગે તેવું પણ પૂજ્યશ્રીએ એ ટેપમાં જણાવેલ છે.

પૂજ્યશ્રી મોટાના અવતરણનું ૧૨૫મું વર્ષ હાલમાં ચાલી રહ્યું છે, તે નિમિત્તે શ્રી હરિઃૐ સત્સંગ મંડળ અમદાવાદ, કેટલાંક સ્વજનોના આવા દાખલાઓ એકત્રિત કરી રહ્યું છે અને સંસ્થાકીય ધોરણે તેને પ્રકાશિત કરવાનું આયોજન કરેલું છે. તે અન્વયે કેટલાક સ્નેહી મિત્રોએ મને વિનંતી કરી કે મારા જીવનમાં પૂજ્યશ્રી મોટાની કૃપાસહાયના જે પ્રસંગો બન્યા છે તેનું મારે આલેખન કરવું. એક રીતે વ્યક્ત થવાની રુચિ મારામાં ઓછી છે, પરંતુ ઉપરના બે ઉલ્લેખ ધ્યાનમાં રાખીને ગુરુના ગુણગાન ગાવાની ભાવનાથી ખૂબ ટૂંકાણમાં મારા જીવનના કેટલાક પ્રસંગો અત્રે વ્યક્ત કરું છું. તેમાં મારી લાયકાત કરતાં પૂજ્યશ્રી મોટાની કૃપાસહાય જ મોખરે છે. **ટૂંકમાં હું આજે જે કંઈ છું તે પૂજ્યશ્રી મોટાની કૃપા સહાયથી જ છું.**

સંતાનો મા-બાપના સદાના ઋણી હોય છે. મારી બાબતમાં હું સવિશેષ રીતે મારી માતા ચંદ્રમણીબહેન અને મારા પિતા ચંદુભાઈનો ઋણી છું, કારણ કે તેઓશ્રી હરિઃૐ આશ્રમ નડિયાદમાં પૂજ્યશ્રી મોટા સાથે સત્સંગની ભાવનાથી વહેલી સવારથી જતાં હતાં. તેમનાં કારણે હું પૂજ્યશ્રી મોટાના સંપર્કમાં આવી શક્યો. અભ્યાસમાં હું ઘણો કાચો અને હિંમત હારી ગયેલો હતો. મારી યાદદાસ્ત પ્રમાણે સૌપ્રથમ પૂજ્યશ્રી મોટાને મળવાનો કે દર્શન કરવાનો પ્રસંગ સને ૧૯૬૩માં બનેલો.

પૂજ્યશ્રી મોટાનું એક વાક્ય મને ખૂબ જ યાદ રહ્યું છે **'એક વખત ગ્રેજ્યુએટ કોઈ પણ રીતે થઈ જા નહિ તો જિંદગીમાં નાસીપાસ થઈ જવાશે'** - આ હિંમત અને આશીર્વાદથી હું ગ્રેજ્યુએટ તો થયો. ગ્રેજ્યુએટ થયા બાદ નોકરી અથવા કાકા સાથે વેપારમાં જવું અથવા આગળ ભણવું તે નક્કી કરવાનું હતું. અભ્યાસમાં હું થર્ડ ક્લાસમાં જ પાસ થયેલ અને તેથી આગળ ભણી શકાશે / પાસ થવાશે તેની આશા ન હતી. પિતાશ્રીની બાંધી આવકમાં ઘર ચલાવવાનું, તથા બહેનોના લગ્નની પિતાજીની જવાબદારી હોવાના કારણે આગળ ભણવા માટે મનમાં દ્વિધા ચાલતી હતી. સી.એ. થઈએ તો વધુ સારો હોદ્દો મળે, વધુ કમાવાનું થઈ શકે વગેરેના વિચારો આવતા હતા. પૂજ્યશ્રી મોટા ઉપર ખૂબ જ શ્રદ્ધા અને વિશ્વાસ હોવાથી તેમની સલાહ લેવા જવાનું મેં નક્કી કર્યું.

પૂજ્યશ્રી મોટાએ મારા પિતાશ્રીને નિરંજનને આગળ ભણવા માટેની મંજૂરી આપવાનું જણાવ્યું. પિતાશ્રીને પૂજ્યશ્રી મોટા ઉપર અતૂટ શ્રદ્ધા અને વિશ્વાસ હોવાથી તુરત તેઓશ્રીએ પણ મંજૂરી આપેલ.

પૂજ્યશ્રી મોટાએ અભ્યાસ પૂરો કરવા અને તે પૂરો ના થાય ત્યાં સુધી દૃઢ સંકલ્પ કરવા તેમજ મને મનગમતી વસ્તુનો ત્યાગ કરવા જણાવ્યું. કૉલેજના સમયમાં મને સૌથી વધુ ગમતી બાબત 'સિનેમા' હતી અને તે હું જ્યાં સુધી સી.એ. પાસ ન કરું ત્યાં સુધી સિનેમા ન જોવાનું પ્રણ લેવાનું મને કહ્યું 'જેનો મેં તુરત સ્વીકાર કરેલો અને સી.એ. પાસ ન થયો ત્યાં સુધી મેં વચન પાળેલું એટલે કે સિનેમા જોવા ગયો ન હતો.' આ સમય દરમ્યાન મારા મિત્રો જ્યારે જ્યારે સિનેમા જોવા જાય ત્યારે મારા મનમાં જે મનોમંથન ચાલતું હતું તેની યાદ આજે પણ મને છે.

સી.એ.ની પરીક્ષા દરમ્યાન વારંવાર નાપાસ થતો હતો - પૂજ્યશ્રી અવારનવાર જણાવે કે **'મહેનત બરાબર કરતો નથી - હવે બરાબર મહેનત કરીને પરીક્ષા પાસ કર - જો નાપાસ થઈશ તો માથે ટોલિયું કરીને ગધેડા ઉપર ઊંધો બેસાડીને ફેરવીશ !'** પરંતુ પૂજ્યશ્રીની મોટાની કૃપાથી સી.એ. પાસ થઈ શક્યો. આ મારા જીવનનું મોટું સંભારણું છે.

ખૂબ જ સાધારણ આવકમાં પિતાશ્રી અમો આઠ વ્યક્તિનું ભરણપોષણ અને અભ્યાસ માટે ખર્ચ કરતા હતા. સાદું પણ સંતોષી જીવન બધાં જીવતા હતા. કશું નથી મળ્યું તેવું કોઈપણ દિવસ લાગેલ ન હતું. તેમાં પણ પૂજ્યશ્રી મોટાની કૃપા જ કારણભૂત હોવાનું હું સ્વીકારું છું.

લગ્ન ખૂબ જ સાદાઈથી અને પૂજ્યશ્રી મોટાના વરદ હસ્તે કરવું તેમ મેં મનોમન નક્કી કરેલું. ઘરના સર્વેની તેમાં મંજૂરી હતી. મારા મનમાં એક એવી માન્યતા-આશા જરૂર હતી કે પૂજ્યશ્રી મોટાના વરદ હસ્તે લગ્ન કરાવવાથી સુખી થવાશે.

સને ૧૯૭૦ના નવેમ્બરની ૧૪મી તારીખે વિદ્યાનગર મુકામે મારાં લગ્ન રાખેલ. લગ્ન વિધિ શરૂ કરતાં પહેલાં જ પૂજ્યશ્રી મોટાએ બધાની હાજરીમાં જણાવ્યું કે **'આ નિરંજન એવું માને છે કે મારા (પૂજ્યશ્રી મોટાના) હસ્તે લગ્ન કરાવશે તો ખૂબ જ સુખી થશે'** - આ તેની ખોટી માન્યતા છે. જો તેને સુખી થવું હશે તો તેણે (નિરંજને) તેની પત્નીને સમજવી પડશે અને તેને સુખી રાખીને (સમજીને) સુખી થઈ શકશે.

સને ૧૯૭૩ અથવા ૧૯૭૪માં વલ્લભ-વિદ્યાનગરમાં શાસ્ત્રી મેદાનમાં પૂજ્ય બાબુભાઈ નાથાભાઈ પટેલે પૂજ્યશ્રી મોટાનો ઉત્સવ ઉજવેલો. આ સમયે પૂજ્યશ્રી મોટાએ બહેનોને વિનંતી-અપીલ કરેલ અને જણાવેલું કે દેશમાં આવી પડેલ મુશ્કેલીમાં આપણે સોનું આપવું જોઈએ તમે સૌ આજે મને જે સોનું આપશો તે હરિઃૐ આશ્રમ દ્વારા સરકારશ્રીને અપાશે. પૂજ્યશ્રી મોટાની આ અપીલનો ઉપસ્થિત સ્વજનોએ સ્વીકાર કરેલો અને સોનું અર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મેં મારા પત્ની ચંદ્રિકાને પૂછેલું કે આ નિમિત્તે મારે સોનાની ચેઈન જે મેં તને (ચંદ્રિકાને) આપેલ છે તે પૂજ્યશ્રી મોટાને આપી શકાય ? તે પ્રસંગે એક પળનો પણ સમય ન લેતાં તુરત મને ચંદ્રિકાએ મંજૂરી આપી હતી. આ પ્રસંગે મેં આ ચેઈન પૂજ્યશ્રી મોટાને અર્પણ કરવા ચંદ્રિકાને કહ્યું. ચંદ્રિકાએ આ ચેઈન પૂજ્યશ્રી મોટાને અર્પણ કરેલ એમાં પૂજ્યશ્રીની કૃપા જ હતી તેમ હું સ્વીકારું છું. જોકે પૂજ્યશ્રી મોટાએ આ ચેઈન-દાગીનો માથે લગાવીને ખૂબ

જ પ્રેમથી અમોને પાછો આપ્યો હતો અને સાથે સાથે જણાવેલું કે હજુ તમારે પૈસાની ઘણી જરૂર છે અને તેમ જણાવીને ચેઈન પરત આપેલી. આમ, પૂજ્યશ્રી મોટા પૈસાના જરાપણ લોભી ન હતા તે આ તેમજ અન્ય પ્રસંગ ઉપરથી અમોએ અનુભવેલું છે.

આ પ્રસંગ બાદ પત્ની, મારો દીકરો અને ત્યારબાદ દીકરી સાથે અવારનવાર આશ્રમમાં પૂજ્યશ્રી મોટાનાં દર્શને જવાનું બનતું અને દરેક વખતે કશુંક નવું નવું જિંદગીમાં મળતું રહ્યું. દિવસે દિવસે મારી આર્થિક આવક વધતી જ રહી. ઓફિસમાં કામ ખૂબ જ ખંતપૂર્વક થતું રહ્યું અને તેની સામે માલિક-શેઠ તરફથી ખૂબ જ સારું વળતર-પગાર વધારે થતો હતો. આ બધું પૂજ્યશ્રી મોટાની કૃપાથી જ થઈ રહ્યું છે એવું સતત મને ખાતરીપૂર્વક લાગતું હતું.

સને ૧૯૭૫ના અરસામાં મને ખૂબ જ મોટો પગાર વધારો (લગભગ ૨૫%) મળેલો અને આ આનંદ વ્યક્ત કરવા હરિઃૐ આશ્રમ નડિયાદમાં પૂજ્યશ્રી મોટાના દર્શને હું ગયો. આ આનંદ વ્યક્ત કરવા સાથે નાની રકમ પણ પૂજ્યશ્રીને અર્પણ કરતો પરંતુ શરૂઆતમાં આ રકમ પૂજ્યશ્રી મોટા માથે ચઢાવી મને પરત કરતાં હતાં. આ ઉપરાંત પૂજ્યશ્રી મોટાએ મને જણાવેલું કે **'માલિક-શેઠ તરફથી જે પગાર વધારો મળ્યો છે તે તેમણે (શેઠે-માલિકે) તેમની ફરજ બજાવી છે. હવે તું વધુ મહેનત કર અને તેનો બદલો શેઠને કામ કરીને આપ.'** આ નાની પણ ખૂબ સુંદર, જરૂરી, ઉપયોગી વાત મેં અમલમાં મૂકી શકવા પૂજ્યશ્રી મોટાને પ્રાર્થના કરી. આમ દર વર્ષે મારા શેઠ મારા કામની પ્રશંસા કરતા, આર્થિક મદદ કરતાં, પગાર વધારો અને હોદ્દામાં પ્રમોશન આપતા ગયા હતાં. આ બધામાં પૂજ્યશ્રી મોટાની કૃપા મને દેખાતી હતી.

હરિઃૐ આશ્રમ, નડિયાદ પૂજ્યશ્રી મોટાના દર્શને જતા હતાં ત્યારે પૂજ્યભાઈ શ્રી નંદુભાઈને મળવાની તક અચૂક મળતી હતી અને તેમની સાથે ઘણો વિચાર વિનિમય થતો અને સત્સંગ થતો હતો તેમજ માર્ગદર્શન પણ મળતું હતું. જ્યારે તેઓશ્રીને મળવાનું થતું ત્યારે કંઈક નવું જાણવાનું શીખવાનું મળતું અને તે પ્રમાણે મારાથી અમલમાં કેવી રીતે મૂકી શકાય તે અંગે હું સતત વિચારતો હતો.

પૂજ્યશ્રી મોટાના દેહત્યાગ બાદ તેઓશ્રીને પ્રત્યક્ષ મળવાનું બંધ થતા અવારનવાર પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈને મળવાનું બનતું. મારી જીંદગીમાં પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈના સત્સંગથી ઘણું બધું જાણવાનું-શીખવાનું મળ્યું છે. આ પૈકીમાંથી કેટલાક પ્રસંગો ઉદાહરણરૂપે અત્રે રજૂ કરું છું.

સને ૧૯૭૫ના અરસામાં અમારા શેઠે/માલિકે એક સમયે જ્યારે વરસાદ પડતો હતો અને મિટીંગ પૂરી થયા બાદ તેઓ કામમાં ઘેર જવા નીકળ્યા, હું પણ સ્કુટર ઉપર ઘેર જવા નીકળ્યો હતો. એ સમયે શેઠે ગાડી દરવાજા પાસે ઊભી રાખી અને મને બોલાવ્યો અને જણાવ્યું કે કંપનીમાંથી બે ગાડી (કાર) ખરીદી લો - એક મારા (નિરંજન) માટે અને બીજી મારા સાથી શેલત માટે.

**આ સમયે પૂજ્યશ્રી મોટાની કૃપાથી સહજ રીતે મેં જવાબ આપેલો કે આપણી કંપની હજુ નફો**

**કરતી નથી તેથી અત્યારે કાર લેવાનું યોગ્ય નથી.**

મારા આ પ્રત્યુત્તરની તેમના (શેઠ) ઉપર મારા માટે ખૂબ જ સુંદર છાપ પડી અને એક સમયે તેમના ઘરે બધા હાજર હતા ત્યારે શેઠાણીએ જણાવ્યું કે આ નિરંજન (એન.સી.) નોંખી માટીનો માનવી છે. મારી પાસે બીજા કર્મચારીઓ (ગ્રુપ કંપનીમાંથી) કારની માગણી કરે છે જ્યારે આ નિરંજનને મેં સામેથી કાર લેવાનું જણાવ્યું તો તે ના પાડે છે. આ રીતે મારી ઉપર સારા વિચારો મનમાં રાખતા હતા.

એક પ્રસંગ ૧૯૭૮/૧૯૭૯ પછીનો પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈ સાથેનો અહીં જણાવવો જરૂરી લાગવાથી જણાવું છું :

પૂજ્ય ભાઈશ્રીએ સહજ રીતે મને પ્રશ્ન કરેલો કે તમોને (એન.સી પટેલને) શેઠ માટે નારાજગી-અસંતોષ કે કોઈ ફરિયાદ થાય છે ખરી ? મેં વિચાર કરીને તરત જ જણાવ્યું કે હજી સુધી તો એવું થયેલ નથી. **આ સમયે પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈએ જણાવેલું કે શેઠ/માલિકને હજારો કામનાં દબાણો હોય છે, તેમના ઉપર તો સતત કામનો બોજો રહે છે, આપણે (તારે) તેમાં ઉમેરો ન થાય તો તે વધુ સારું.**

આ નાની પણ ખૂબ જ ઉપયોગી/જરૂરી વાત મેં અમલમાં મૂકી હતી અને બાકીના બધા સમય (વર્ષો) દરમ્યાન અને એક પણ વખત મનમાં કે મૌખિક અસંતોષ કે ફરિયાદ શેઠશ્રીને ન હતી. આના પરિણામે વળતરની આશા ન રાખીએ તોપણ વધુ ને વધુ મળતું થયેલું જેમ કે respect (આદર), position (હોદ્દો) અને reward (વળતર) સતત મળતા રહેલાં. આ બધું પૂજ્યશ્રી મોટાની કૃપાથી થઈ શકેલ છે તેમ જણાવવામાં કોઈ બેમત નથી.

ઉપર જણાવેલ Specific ચોક્કસ અનુભવો ઉપરાંત ખૂબ જ એવા સુંદર ગુણ-ભાવનો વિકાસ મારામાં થયો. સાહસ, હિંમત, સારા વિચારો, સારાં કાર્ય અને બીજાને મદદરૂપ થવાના ગુણ મારામાં વિકસ્યા અને પછી તેનો સતત અવારનવાર અમલ થયા કરેલો છે તે પણ પૂજ્યશ્રી મોટાની કૃપાસહાય કહી શકાય.

પૂજ્યશ્રી મોટાની અનહદ કૃપા અમારા સર્વ કુટુંબીજનો તેમજ મારા કુટુંબ ઉપર પણ રહેલી છે. બાળકોના અભ્યાસ, સારા સંસ્કાર, તકલીફ વગર ખૂબ જ સરળતાથી યોગ્ય અને સંસ્કારી વ્યક્તિ સાથે લગ્ન અને ત્યારબાદ grand children પૌત્ર-પૌત્રી ઉપર પણ ઊતરેલ છે, તેમના સંસ્કાર અને તેમના અભ્યાસ વિગેરે વિગેરે ખૂબ જ સુખ આપી રહેલ છે. આ બધા પ્રસંગો અને પરિસ્થિતિ પૂજ્યશ્રી મોટાની કૃપાથી જ સુખદાયક રહ્યા છે.

ઉપર મુજબનું લખાણ ફક્ત પૂજ્યશ્રી મોટાની કૃપા, પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈને અવારનવાર મળવાથી મળેલ જ્ઞાન, સરસ રીતે અમોને સૌને mould (મઠાર્યા) છે. અમોને જે જે અનુભવ પ્રત્યક્ષ થયેલ છે તે જણાવવા માટે ઉપરોક્ત વિગતો રજૂ કરેલ છે. તેમ છતાં મારાથી કોઈપણ રીતે વધુ પડતું લખાણ કરાયું હોય અથવા જણાવાયું હોય તો મને દરગુજર કરશો. ઉપર જણાવેલ પ્રત્યક્ષ અનુભવો તદ્દન સત્ય અને સાક્ષી સાથેના છે. આ રજૂઆત પૂજ્યશ્રી મોટા અને પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈની કૃપા, આશીર્વાદ અને મળેલ લાભ જણાવવા લખેલ છે.

અસ્તુ, સર્વે સ્વજનોને નિરંજનના હરિઃૐ ❑

## (૮) અનુભવીની લીલા

**શ્રી કાર્તિકેય ભટ્ટ**

નોંધપાત્ર બાબત એ છે કે યોગી, અનુભવી, મુક્તાત્મા સ્થળ, કાળનાં બંધનથી પર હોય છે. શ્રીમોટાએ સાક્ષી રાખીને એક સાથે બે જગ્યાએ હાજર રહેવાનો પ્રયોગ કરી બતાવ્યો હતો. વારાણસીમાં રહેતા શ્રી ગોપીનાથ કવિરાજના ગુરુ વિશુદ્ધાનંદજી એક રાતે કવિરાજનાં બીમાર પત્નીને સહાય કરવા કલકત્તા હાજર થયા ! જ્યારે કવિરાજે આ ઘટનાનું આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે વિશુદ્ધાનંદજીએ કહ્યું : 'તમે યોગીનો શો અર્થ કરો છો ? યોગીનો અર્થ છે અખંડ સત્તાથી મુક્ત હોવું. દેશકાળ તેમને અવરોધતો નથી. હું આ શરીરથી સર્વત્ર હાજર રહું છું. પછી મારે કાશી આવવાની વાતનું શું આશ્ચર્ય.' મુંબઈમાં હાજર શ્રી શ્રીમા આનંદમયીએ, વારાણસીમાં એક ડૂબતા ભક્તનો પોકાર સાંભળી તેને પ્રત્યક્ષ રીતે ત્યાં હાજર થઈને બચાવી લીધો. શ્રીમા કહે છે : 'યોગી લોકો અખંડ શબ્દ પકડી શકે છે...બહુ જ દૂર દેશમાંથી માનો પોકાર સંભળાયો છે. દુર્બુદ્ધિ ન રહેવાથી સ્થળ અને કાળનું વ્યવધાન રહેતું નથી.'

**'મળે નિમિત્ત તેને જે તેના તેવા પ્રકારથી**
**-પરોવાયેલ સંપૂર્ણ હોવા છતાં, અનુભવી**
**-પોતે અલિપ્ત શો પૂરો તેમાં રહ્યા કરી જીવે,**
**એની સાબિતી તો માત્ર શી અનુભવીને જ છે !'**

૨૪-૨૫

'સાચો અનુભવી તેને તેના જીવનમાં મળતાં સારા કે નરસા કોઈ નિમિત્ત (જીવ)નો અસ્વીકાર કે તિરસ્કાર કરતો નથી. ઈશાવાસ્ય ઉપનિષદના ૬ઠ્ઠા શ્લોકમાં કહેવાયું છે : 'સર્વ ભૂતોમાં આત્માનું દર્શન કરતો હોવાથી અને આત્મામાં સર્વ ભૂતોનું દર્શન કરતો હોવાથી અનુભવી કોઈનો તિરસ્કાર કરતો નથી.' નિમિત્ત થકી અનુભવીના સંપર્કમાં આવેલા પ્રત્યેક જીવનું આત્મકલ્યાણ એ જ એનું લક્ષ્ય હોય છે.

ભટ્ટસાહેબ લખે છે : 'દરેક જીવની મર્યાદા હોય છે. બધા જીવો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ નિમિત્તોથી મર્યાદિત - બંધાયેલા છે, તેથી તેઓ નિમિત્તના હાર્દને સમજતા નથી. અનુભવીને મર્યાદા નથી. આકાશથી પણ પર સર્વવ્યાપક અને સૂક્ષ્મતમ બ્રહ્મસ્વરૂપ સાથે તાદાત્મ્ય પામેલો અનુભવી સ્થૂળ સૂક્ષ્મ અને કારણ એવા સર્વ નિમિત્તોની આરપાર સોંસરવો નીકળી જાય છે. (જીવો સાથેનું) નિમિત્ત જાગતાં તે (અનુભવી) પ્રત્યક્ષરૂપે પ્રગટે છે. જીવો નિમિત્તના હાર્દને સમજતા નથી પરંતુ અનુભવી તો મર્યાદાતીત હોવાથી પ્રાપ્ત થયેલાં નિમિત્તોનું (જીવોનું) પ્રારબ્ધ આપમેળે તેની સમક્ષ છતું થાય છે.'

**'સમગ્રતા શી નિમિત્તે અખંડાકાર હોય છે !**
**અખંડતા અને પાછી કેવી સળંગતાય છે !**
**પરસ્પરે ત્રણે કેવાં નિમિત્તમાં ભળેલ છે,**
**તેથી અનુભવીને તે જોવા નિમિત્તમાં મળે.'**

૨૬-૨૭

નોંધપાત્ર બાબત એ છે કે અનુભવીના પ્રાપ્ત નિમિત્તમાં સમગ્રતા, અખંડતા અને સળંગતા એ ત્રણે ભળેલાં હોય છે. આથી અનુભવીને નિમિત્તના (જીવમાં) જીવનમાં એ ત્રણેનું અવિભાજ્ય એકમ તરીકે દર્શન થાય છે, અને નિમિત્તના (જીવના) જીવનને તે સમગ્રપણે, અખંડપણે અને સળંગપણે જાણે છે. એકવાર શ્રીમોટાએ ભટ્ટસાહેબને કહ્યું : 'ભટ્ટસાહેબ, અમારી સમક્ષ માણસ આવે એટલે એનો પૂરેપૂરો 'એક્સરે' અમારી સમક્ષ પ્રગટ થઈ જાય.' 'તો મોટા ! તમે કહેતા હો તો !' જવાબમાં મોટાએ કહ્યું : 'રામ રામ કરો ! અમારી પાસે કોઈ આવે નહિ. દરેકમાં કંઈક ને કંઈક પડ્યું હોય છે !'

બીજો એક શ્રી શ્રીમા આનંદમયીનો પ્રસંગ નોંધવાની રજા લઉં છું. 'એકવાર એક અત્યંત વિલાસી લાગતો સાધુ ભભકાદાર વસ્ત્ર અને આભૂષણ સાથે શ્રીમા પાસે આવ્યો. માની સેવામાં રહેલી બહેનોએ આ સંન્યાસીના ગયા પછી શ્રીમાને કહ્યું : 'સંન્યાસી છતાં કેવો વિલાસી છે ?' ત્યારે શ્રીમાએ કહ્યું : 'એ સંપૂર્ણપણે વિરક્ત છે.' આ થયું અનુભવીનું અખંડાકાર દર્શન. શ્રી રામકૃષ્ણ કથામૃતના લેખક માસ્ટર મહાશયને શ્રી રામકૃષ્ણે કહ્યું હતું : 'મેં તને ચૈતન્ય મહાપ્રભુની કીર્તન મંડળીમાં જોયો હતો.'

**'કાદવે લપેટાયેલો ભલે હોય અનુભવી,**
**બહારથી લાગતો એવો, શો અનુપમ દિલથી !'૨૯**

શ્રીમોટા કહે છે : 'અનુભવીને કોઈ નિમિત્ત એવું આવ્યું (જેમાં) એ સત્-અસત્ બેઉ હોય. તમે કહો સત્નું હોય અને અસત્નું નિમિત્ત ના હોય એવું કાંઈ નહિ. નરકમાં નર્યો રગદોળાતો હોય, નર્યો વાસનામાં હોય. પણ તે છતાં નોખો.' શ્રીમોટાની સાધના અવસ્થા દરમિયાન પણ આ જોવા મળ્યું છે. 'મગરમચ્છ' તરીકે વર્ણવાયેલ ડાકોરમાં કરેલા મહાપુરુષનાં દર્શન, મુલાકાત તથા નડિયાદમાં શ્રીમોટાએ જેને માટે રહેવાની વ્યવસ્થા કરી હતી તે સંતપુરુષ બાહ્ય રીતે આવા જ દેખાતા હતા. (આ બંને પ્રસંગોમાં બાળયોગીજી મહારાજ હતા) વિઠોબાએ નામદેવને પુરાણા શિવ મંદિરમાં જને મળવા માટે મોકલ્યા તે વિસોબા ખેચર પણ નાગાપૂગા, અતિવૃદ્ધ દેખાતા હતા. શ્રી રમણ ભગવાન કહે છે : 'ઓ બાપા મરી ગયો એમ બોલતો હોય ને ધૂળમાં આળોટતો હોય તો પણ તે પરમજ્ઞાની હોઈ શકે છે. ગોપીનાથ કવિરાજે એમના ગુરુ શ્રી વિશુદ્ધાનંદજીને પ્રશ્ન કર્યો : 'મહાપુરુષને ઓળખી કઈ રીતે શકાય ?' ત્યારે ગુરુદેવે ઉત્તરમાં કહ્યું : 'બાહ્ય લક્ષણોને આધારે મહાપુરુષને ઓળખવાનો પ્રયત્ન માત્ર ધૃષ્ટતા છે. જે જ્ઞાની છે એ એમને અવશ્ય ઓળખી જાય છે. (જેમ શ્રીમોટા ઉપાસની બાબાને ઓળખી ગયા હતા).'

'જો મહાપુરુષ જડવત્, ઉન્માદવત્ અને પિશાચવત્ આચરણ કરે તો શું તમારું જ્ઞાન એટલું છે કે એના બહારના દેખાવ પાછળ છુપાયેલા મહાપુરુષને ઓળખી શકો ? મહાપુરુષો વ્યવહાર અને આચારના દાસ નથી.

વાસ્તવમાં તેઓ વિધિનિષેધથી પર હોય છે. તેઓ સ્વાધીન અને લીલાવપુ હોય છે.’ ‘આવા અનુભવીનું કોઈ લક્ષણ ખરું કે નહિ ?’ આના જવાબ રૂપે શ્રીમોટાએ કહ્યું હતું : ‘લક્ષણ તો ભાઈ, પણ એ ઓળખવું દુર્લભ છે. પ્રેમભક્તિપૂર્વક લાંબાગાળા સુધીનો દીર્ઘકાળ પર્યંત સદ્‌ભાવ અને ભક્તિથી સેવાયેલો જો પરિચય હોય તો લક્ષણ સમજણ પડે. ના કેમ પડે ?’

**‘સારું નરસું બન્નેયે નિમિત્ત જીવને મળે,**
**નકારે ના કશાને તે, સાચો અનુભવી જ તે.’ ૩૦**
**‘મૂળ પ્રકૃતિ નિમિત્તે ખડી કેવી થયેલી જે,**
**તે પ્રગટાવવા ઊર્ધ્વે સાધન શું નિમિત્ત છે !’ ૩૧**

પૂજ્ય શ્રીમોટા કહે છે કે એમણે એમની પાસે આવનારા જીવોને સ્વચ્છંદપણે વર્તેલા જોયા છે છતાં પણ એમણે કોઈ દિવસ આ બધા પ્રત્યે પોતાનો અભાવ પ્રગટ થવા દીધો નથી. ‘અનુભવી તો સર્વમાં એક માત્ર પરમાત્મા વસ્ત્રમાં સૂતરની પેઠે ઓતપ્રોત છે એવો તેને સાક્ષાત્કાર થયો હોય છે, આથી પોતાની સંનિધિમાં આવતા સંસારી અને શ્રેયાર્થી જીવોને પરમાત્મા પ્રત્યે અભિમુખ કરાવવામાં તેમ જ તે કાજે યોગ્ય સાધન વગેરેમાં તેમને પ્રેરવવામાં તે ‘નિમિત્તમાત્ર’ જ થાય છે.’ એક એવા સંગીત શિક્ષિકાબહેનને હું જાણું છું, જેમને શ્રીમોટા પક્ષીઓને ચણ નાખવાની સેવા કરવાનું એમને કહ્યું હતું.

‘પૂજ્ય શ્રીમોટા વિરચિત-નિમિત્ત’ એક અભ્યાસમાંથી સંકલિત, પ્ર.આ., પૃ. ૭૮-૮૦ ❑

**અનુસંધાન પેજ નં. ૧૨ નું ચાલુ**

નહિ, બહુ તો એમની સલાહ મળે, પણ આપણને એમના પર ભાવ થાય એ અશક્ય ! - બત્તીના થાંભલા જેવું ! તેઓ દીવાદાંડી જેવા ખરા, પણ નૌકા નહિ ! પરંતુ જેમ હું એમને વધારે ને વધારે ઓળખતો થયો, તેમ મને એમનામાં કુશળ સુકાનીનાં દર્શન થયાં ! એ સુકાની વળી એવો તો પ્રેમાળ કે મારા જેવાને યે ‘મિત્ર અને પુત્ર’ કહી સંબોધી શકે, અને મારા જીવનસાફલ્ય અને ઉદ્ધારમાં ઊંડામાં ઊંડો રસ લઈ શકે. હા, જ્ઞાનની જરૂર છે, પણ હૃદય તો હંમેશા એકમાત્ર પ્રેમ અને સહાનુભૂતિની તૃષા અનુભવતું હોય છે.

**રમણ મહર્ષિ : ‘ભક્તિ તો જ્ઞાન-માતા છે.’**

પરંતુ પછી, ધીમે ધીમે, હું કંઈક વિશેષ સમજતો થયો : હું સમજ્યો કે એમને જેમ આપણે વધારે ઓળખતા થઈએ છીએ તેમ એમના પર વધારે ભાવ થાય છે. એમને વધારે ને વધારે ઓળખવાની મને ચટપટી લાગી, - જેમ રમણ મહર્ષિને ઓળખવાની લાગી હતી - તેનું આ કારણ છે. રમણ મહર્ષિને મેં એક ધારદાર પ્રશ્ન પૂછ્યો હતો કે તેઓ જ્ઞાનને મહત્ત્વ આપે છે એટલું ભક્તિને આપે છે ખરા ? તેના જવાબમાં તેમણે મને કહ્યું હતું કે ‘એ બેનો વિરોધ ક્યાં છે ? ભક્તિ તો જ્ઞાન-માતા છે !’ આ સાંભળી મારું હૃદય એકદમ હળવું ફૂલ થઈ ગયું હતું એ મને હજી યાદ છે. ભક્તિની આવી મહત્તા ગાવા બદલ મેં ભગવાન રમણ મહર્ષિનાં ચરણમાં પ્રણામ કર્યા, જેમ ભગવાનને ‘પ્રેમના દાસ’ તરીકે ઓળખાવવા બદલ હું શ્રી અરવિંદનાં ચરણમાં પ્રણામ કરતો હતો તેમ જ !

‘અનંતના યાત્રીઓ’, પ્ર. આ., પૃ. ૨૧૨-૨૧૪ ❑

## (૯) બેબી કાર્વર

મૃદુલા પ્ર. મહેતા

ઉઘાડે પગે બે હબસી બાળકો ટસ્કેજી તરફ ઉતાવળાં ઉતાવળાં દોડી રહ્યાં હતાં. તેમાંનાં એકના હાથમાં કૂતરો હતો. છોકરાની દુર્બળ કાયા માટે કૂતરો ભારે પડતો હતો. પાછળ તેનો નાનો ભાઈ હાંફતો હાંફતો સાથે રહેવા મથતો હતો.

કેડીની બંને બાજુ કપાસનાં ખેતરો પથરાયાં હતાં. જાણે ધરતીની લીલુડી ચૂંદડી. હજી કાલાં ફાટવાને વાર હતી. ક્ષિતિજ પરથી બાલસૂર્યની તેજધારા ધરતીને અજવાળી રહી હતી.

છોકરાંઓ થાકી ગયાં હતાં, પણ હવે તેઓ ટસ્કેજીની ઘણી નજીક આવી ગયાં હતાં, તે આશાએ હિંમતભેર પગલાં મૂકી રહ્યાં હતાં.

'આપણને દાખલ તો થવા દેશે ને ?' સંસ્થાનાં ભવ્ય મકાનો જોતાં એકના દિલમાં સહેજ શંકા જન્મી.

'હા, હા, ન કેમ થવા દે ? મારા ભાઈ ત્યાં છે ને ?' બીજાએ જવાબ આપ્યો; પરંતુ તેના દિલમાંય ચિંતા તો પેઠી જ હતી. કેટલે દૂરથી પોતે આવ્યાં હતાં.

વારાફરતી કૂતરાને ઊંચકીને લાવ્યાં હતાં. થાકીને ટેં થઈ ગયાં હતાં અને હવે કદાચ જાકારો મળે તો ! થોડીક ક્ષણોમાં ચિંતાના અનેક પ્રશ્નો બાળમગજમાં ઘૂમી વળ્યા.

'એય ભૂલકાંઓ ! તમારે શું જોઈએ છે ?' અવાજ સંભળાયો અને પેલા બંને ચમકી ગયાં. મોટા છોકરાએ લોચા વાળતાં કહ્યું, 'અમે પ્રોફેસર કાર્વરની પાસે આવ્યાં'તાં.'

ચોકીદારે બંનેને ધારી ધારીને જોયાં. તે સમજી ગયો, 'કૂતરો માંદો છે ?'

'હા, પ્રોફેસર એને સાજો કરશે ને ?' પેલાએ આતુરતાપૂર્વક પૂછ્યું.

દરવાજામાં એક ગાડું આવી રહ્યું હતું. ચોકીદારે બંનેને એમાં બેસાડી દઈ કહ્યું, 'રસ્તામાં જ આવે છે, એટલે તેમને પ્રો. કાર્વર પાસે ઉતારી દેજે.'

બે કલાક પછી બંને છોકરાં રોકફ્લેટ મકાનની પરસાળમાં નિરાંતે બેઠાં હતાં. તેઓ પ્રો. કાર્વરને મળ્યાં હતાં. પ્રોફેસરે તેમના વહાલા કૂતરાને તપાસીને માલિશ કર્યો હતો. કૂતરો પણ જાણે સમજી ગયો હતો. કાર્વરે તેના પગને ઊંચોનીચો કર્યો તો પણ તેણે ઊંકારો સરખો કર્યો ન હતો. કાર્વરની આંખમાં તેને અપાર વત્સલતાનાં દર્શન થયાં હતાં. કૂતરાની સારવાર પૂરી થયા પછી બંને છોકરાંને ભોજનગૃહમાં લઈ જવામાં આવ્યાં હતાં અને ત્યાં તેમને પેટ ભરીને ભોજન કરાવવામાં આવ્યું હતું.

સૂર્ય નમે એટલે તેઓ ઘર તરફ પાછા ફરવાનાં હતાં. કૂતરાને તદ્દન સારું ન થઈ જાય ત્યાં સુધી કાર્વર પોતે રાખશે અને પછી પત્ર લખી તેમને લઈ જવા જણાવશે તેમ વાત થઈ હતી. પ્રો. કાર્વર તેમને પત્ર લખશે ! તે હકીકતે જ ઉમંગ ઊછળી આવતો હતો. બંનેની વાતો ચાલતી હતી.

નાના કહે, 'ભગવાન પ્રો. કાર્વર જેવા જ હશે, મને તો એવું લાગે છે !'

મોટાએ વિચારી જોયું...ઈશ્વર તો બહુ બહુ મોટો હોય તેવી તેની સામાન્ય કલ્પના હતી.

પણ કાર્વરની સ્નેહાળ તેજસ્વી આંખોએ તેના મન પર બહુ ભારે છાપ પાડી હતી અને કેવી કરુણાભરી માવજત તેણે કૂતરાની કરી હતી ! 'કદાચ હોય પણ' તેણે સંમતિ દર્શાવી.

આ નાના-મોટા, શ્રીમંત-ગરીબ, અભણ-વિદ્વાન સૌ કાર્વર પાસે આવતાં; દૂર દૂરથી લોકો તેને બોલાવતાં. પોતાની પંચવર્ષીય યોજનામાં ખેતી અંગે સહાયભૂત થવા રશિયાએ તેને ખાસ બોલાવ્યો હતો. મેક્સિકોની ખાણના માલિકોએ તેને ત્યાં આવવા આગ્રહભરી આજીજી કરી હતી. પોતાને ત્યાંની કુદરતી સંપત્તિને વિકસાવવામાં મદદરૂપ થવા વેસ્ટ-ઇન્ડિઝથી પણ આમંત્રણ આવ્યું હતું.

દૂરથી, નજીકથી, વતનમાંથી, પરદેશથી અસંખ્ય લોકો ટસ્કેજીમાં ઊભરાતાં. કોઈ માટીનો નમૂનો લઈને આવતું. કોઈ અપંગ પ્રાણીને લઈને આવતું. એક દિવસ એક છોકરાને લઈને કોઈ આવ્યું. તેનો એક પગ દોરડી જેવો થઈ ગયો હતો.

અત્યાર સુધીના કાર્વરના પ્રયોગોએ શરીરના કોઈ પણ ભાગને ચેતનવંતો કરવાની ભારે શક્તિ સીંગતેલમાં છે, તેવું સાબિત કરી બતાવ્યું હતું. તેના માલિશથી તેણે ઘણાં દર્દ દૂર કર્યા હતાં. અનેક વાર ભાંગી ગયેલા ભાગમાં ચેતન પૂર્યું હતું.

આ છોકરાને બાળલકવા હતો. તેણે કોઈ વચન ન આપ્યું પણ કામ કરવા માંડ્યું. રાષ્ટ્રીય કેમુર્જી સમિતિની ત્રીજી બેઠક વખતે કાર્વરે બૂધા ફોટા બતાવ્યા. સૌ પ્રથમ છોકરો તેની પાસે આવ્યો, ત્યારથી માંડીને તે ધીમે ધીમે સંપૂર્ણ સાજો થયો ત્યાં સુધીના બધા ફોટા તેણે બતાવ્યા.

'આજે તે છોકરો કૉલેજમાં ફૂટબોલ રમે છે.' તેણે કહ્યું.

ઓરડામાં ઘડીભર સંપૂર્ણ શાંતિ છવાઈ ગઈ. કોઈકે કહ્યું, 'સંભવ છે કે તેનું કારણ માત્ર મસાજ હોય !' તેવું હોઈ શકે. હું વર્ષોથી માલિશ કરતો આવ્યો છું.

'તમે એવું કહી શકો ખરા કે સીંગતેલે જ લકવાનો વ્યાધિ મટાડ્યો ?' એક સભ્યે પૂછ્યું.

કાર્વર કહે, 'મને ખબર નથી, પણ હું વર્ષોથી તે તેલ વાપરતો આવ્યો છું અને દરેક વખતે કંઈ ને કંઈ સુધારો થયો છે.'

૧૯૩૨ના ડિસેમ્બરમાં છાપાંઓમાં ચકચાર ચાલી, 'કાર્વરે બાળલકવા માટે દવા શોધી છે.' કાર્વરે તે વાતનો તરત જ રદિયો સંભળાવ્યો, પણ કોઈ તે સાંભળવા તૈયાર ન હતું. તેના પર થોકબંધ કાગળો આવવા લાગ્યા. ઉપરાછાપરી તાર-ટેલિફોન થવા લાગ્યા. બધા પાસે એક જ માગણી હતી : લકવાની દવા આપો. કેટલાંય દુઃખી મા-બાપો પોતાનાં અપંગ બાળકોને ટસ્કેજીમાં લાવવા લાગ્યાં. સવારથી સાંજ સુધી હારબંધ લોકો આવતા. અઠવાડિયાંઓ સુધી આ બધાને માલિશ કરવામાં કાર્વર ગૂંથાઈ રહ્યો. રવિવારની રજાઓ આખો દિવસ તે આ જ કામ કરતો.

ટસ્કેજીએ રાખેલી નોંધ ઉપરતી જોઈ શકાય છે કે આવા લગભગ અઢીસો દર્દીઓની માવજત તેણે કરી હતી અને તેમાંથી બધામાં સફળતા મળી હતી ! કેટલાક સંપૂર્ણ સાજા થઈ ગયા, કેટલાંક અરધા. સારું થયું તે સીંગતેલને આભારી હતું કે ડૉ. કાર્વરની મસાજશક્તિને, તે અંગે કોઈ એકમત થઈ શક્યું નહિ. પરંતુ

એટલું તો ચોક્કસ જ હતું કે દરેક કિસ્સામાં બરાબર ક્યાં આગળથી જીવનતત્ત્વ પૂરું થાય છે તેનો બહુ ચોક્કસ ખ્યાલ કાર્વરને આવતો. કાર્વર પોતે ડૉક્ટર ન હતો, એટલે તે અધિકારની રીતે કંઈ કહી શકે તેમ ન હતું. જ્યારે બીજાને તેવું કંઈ સ્પષ્ટ નિદાન આપવાની હિંમત અને શક્તિ ન હતાં. લોકો અને મોન્ટગોમરીનાં છાપાંએ બાળલકવાની ઉપચાર તરીકે સીંગતેલની શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કરી આલ્બામાના આ રોગને દૂર કરવા દાક્તરો અને ગવર્નરને ખાસ અપીલ કરી હતી.

'જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર દેવદૂત', દ્વિ.આ., પૃ. ૧૪૪-૧૪૬ ❑

**અનુસંધાન પેજ નં. ૧૩ નું ચાલુ**

પણ સળંગતા અને સમગ્રતા એકધારી કદી તૂટી જતી નથી હોતી. અને તેથી તો શરીરનો ફરી જન્મ થવો શક્ય હોય છે. તેથી મને તો શ્રીહરિની પ્રાર્થનામાં અનંત શક્યતા રહેલી અનુભવાય છે. માટે એનો આશરો કદી આ જીવ તો છોડી શકતો જ નથી. તારે અને તારી પત્નીએ સતત હરિસ્મરણ થતું રહે તેમ વર્તવાનું છે.

હરિને ન ભૂલશો, એટલું મારું કહ્યું કરવા વિનંતી છે. જો એટલું ખરેખરા જિગરથી થયું તો બાકીનું તો હરિ સંભાળી લેશે તે જાણશોજી.

'કેન્સરની સામે', પાં.આ., પૃ. ૭-૯ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | કુસુમબહેન અશોકભાઈ પટેલ | નરોડા | ૧,૫૦૦/- |
| ૨. | એક સ્વજન | સુરત | ૧,૧૧૧/- |
| ૩. | જયેશભાઈ એન.દેસાઈ | સુરત | ૧,૧૧૧/- |
| | (પૂ. માતૃશ્રી ઉષાબહેન નરેશભાઈ દેસાઈના જન્મદિન (૨-૧૧-૧૯૪૭) નિમિત્તે) | | |
| ૪. | ગુણવંતભાઈ બી. ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૫. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |
| ૬. | ...... | | ૫૦૦/- |
| ૭. | આયુષ જે. પટેલ | નરોડા | ૫૦૦/- |
| | (પૂ. દાદીશ્રી સ્વ. ઉષાબહેન રતિલાલ પટેલની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે) | | |
| ૮. | જિતેન્દ્રભાઈ એન. પટેલ | અમદાવાદ | ૫૦૦/- |
| ૯. | લતાબહેન પંડ્યા | સુરત | ૨૦૦/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

# (૧૦) સંતો અને સંસાર

**શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય**

પાણીના કૂવાનું થાળું આરસપહાણનું બનાવો અને સોનારૂપાની ગરેડી મુકાવો પણ કૂવાનું મહત્ત્વ તો તેમાં ઊંડેથી આવતી સરવાણીનું છે. આ સરવાણી જ કૂવાને જીવતો રાખે છે. સરવાણી વિનાનો કૂવો મરેલો કૂવો છે. તેનું પાણી ગંધાઈ જાય છે. આ રીતે સંતો સંસારરૂપી કૂવાની સાચી સરવાણીઓ છે. તેઓ જ સંસારને જીવતો રાખે છે. પંડિત જવાહરલાલ નહેરુએ તેમના પ્રસિદ્ધ પુસ્તક ‘Discovery of India’ માં સંતોને creative minority સર્જનક્ષમ લઘુમતી કહી છે.

એક પ્રસિદ્ધ ગુજરાતી કવિએ સંતોની બાબતમાં સાચું કહ્યું છે -

*સંતોની સંગત રે મરણે ના મૂકીએ રે,*
*ચૂકીએ ના ચાર દિવસનો લહાવ,*
*માટે મન રાખો રે સંતોમાં મળ્યું રે.*
*વિલંબ ના કરશો, આવ્યો છે દાવ - સંતોની૦*
*મન ઠરી ઠોર રે, રહેશે તવ તાહરું રે,*
*ટળશે દુર્મતિના ડાઘ,*
*ખરાં ને ખોટાંનું રે થાશે તને પારખું રે,*
*માંહી ભળશે સંતોનો ભાગ - સંતોની૦*
*જનમોજનમના રે જાશે તારા મોરચા,*
*ઉજ્જવલ થાશે તારું રૂપ,*
*કાટ તે કાંઈ ફરીને લાગે નહિ રે,*
*એવા સીકલી સંત સ્વરૂપ - સંતોની૦*
*સંત સ્વરૂપી રે ભવમાં જાય છે રે,*
*વિરલા કોઈ બેસીને જાય,*
*જે જન બેઠા રે તે જન ભવ તર્યા રે,*
*બીજા ‘નિરાંત’ ગોથાં ખાય - સંતોની૦*

**ભજન વિશે**

સંતપુરુષો ભજનનો વિશેષ રીતે ઉપયોગ કરતા હોય છે. ભજન સાંભળતાં તેમના હૃદયમાં ભાવનો ઉદ્રેક થતો હોય છે અને તેમના આ ભાવનો ઉદ્રેક સૌના કલ્યાણનો સાધક હોય છે, ભક્તની કસોટી છે ભાવનો ઉદય. ભાવનો ઉદય થાય તો ભજન સફળ થયું સમજવું. ભાવ પ્રવાહી અને સંચારી બળ છે. સૌને એક તાંતણે બાંધનારું બળ છે. ભજન આ રીતે સાધનાનું એક સબળ સાધન બની રહે છે. ભજન ગાનારને એમ થવું જોઈએ કે પોતે પોતાના ભગવાનને રીઝવી રહ્યો છે નહિ કે શ્રોતાઓને. ભજનમાંથી ઘણીવાર સંતપુરુષ પોતાનો વ્યક્ત થવાનો મુદ્દો અંદરની સૂઝથી પકડી લે છે.

આમાં હું મારું ગાવાનું વધારે સારું છે એવું કહેવાનો જરાયે આશય નથી, પણ મારો મુદ્દો એ છે કે ભજન અને સંગીત બન્ને જુદી જુદી વસ્તુ છે.

એક પ્રસંગ યાદ આવે છે. એકવાર કોઈક ભાઈનું મૌન પૂરું થતું હતું અને સૌ તે પ્રસંગે મૌનખંડમાં એકત્ર થયાં હતાં. પૂ. મોટાએ મને ભજન ગાવાનું સૂચન કર્યું. તે ક્ષણે જે ખ્યાલ આવ્યો તે ભજન મેં ઉપાડ્યું. આ ભજન હતું,

‘મૈં ગિરિધર કે ઘર જાઉં, રાણાજી.’

ભજન પૂરું થતાં પૂ. મોટાએ ટૂંકું પ્રવચન કર્યું. આ પ્રવચનનો વિષય હતો મેં ગાયેલું ભજન. પૂ. મોટા સવારે બોલેલા તે મને બરાબર યાદ છે. તેઓ બોલ્યા, ‘મીરાંને પાંચસોથીયે વધારે વર્ષ થઈ ગયાં. તે કાળનો ખ્યાલ કરો. પછાત પ્રદેશ (રૂઢિચુસ્ત) રાજસ્થાનનો મેવાડ વિભાગ અને આ પછાત પ્રદેશમાં વધુ પછાત ઠાકોર કોમ અને તેમાંયે પછાત સ્ત્રીજન. પડદાનો કેવો ભયંકર રિવાજ ! સૂર્યનાં દર્શન

કરવાં પણ દુર્લભ. આવા સમાજમાં એ કાળે મીરાંના જીવનમાં કેવું પ્રચંડ ખમીર પ્રકટ્યું હશે કે તે જાહેરમાં નાચી ઊઠી ? ભગવાનનો ભાવ, ભગવાનનો સ્પર્શ જીવમાં પ્રચંડ ખમીર પ્રકટાવે છે. આવા ખમીરનું પ્રકટવું તે ભગવાનના ભાવનું લક્ષણ છે. આ ખમીર ભક્તને સારાએ જગતનો સામનો કરવાની, ટટ્ટાર ખડા રહેવાની શક્તિ આપે છે.'

સંતપુરુષ આ રીતે ભાવથી ગવાતા ભજનમાંથી પોતાને વ્યક્ત થવા માટેનું નિમિત્ત પકડી લે છે. જ્યારે ભજનમાં પ્રામાણિકતા હોય છે ત્યારે હકીકતમાં ગાનાર પોતાની ગાવા વખતની આંતરિક સ્થિતિ પ્રકટ કરતો હોય છે. આ પ્રામાણિકતા અને હૃદયની સફળતા સંતપુરુષમાં ભાવ પ્રકટાવે છે અને ભાવથી સંતપુરુષની સહાનુભૂતિ પ્રકટે છે અને આપણું કામ કરવામાં તે સમર્થ બને છે.

'મોટા મારી મા', ચો.આ., પૃ. ૧૧૭-૧૨૦ ❑

## 'હરિભાવ' માસિકનું નવેમ્બર-૨૦૨૩ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદી

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૮૫૧૬ | અનિલભાઈ પંડ્યા (ડૉ.) | સુરત |
| ૮૧૨૦ | ચંપકલાલ એલ. પુરોહિત | સુરત |
| ૮૫૨૨ | ચંદ્રાવતીબહેન ચૌધરી | અમદાવાદ |
| ૦૨૩૭ | ગૌતમકુમાર સી. ભૂતવાલા | સુરત |
| ૮૭૦૮ | ગોરધનભાઈ એસ. પટેલ | સાબરકાંઠા |
| ૭૯૪૬ | હિતેશભાઈ દેસાઈ | સુરત |
| ૮૫૨૩ | જનાર્દન એન. નાયક | અમદાવાદ |
| ૮૭૦૪ | જિગરભાઈ ટી. પ્રજાપતિ | અમદાવાદ |
| ૦૧૨૨ | મયંક તનસુખભાઈ પટેલ | મુંબઈ |

## 'હરિભાવ' માસિકનું ડિસેમ્બર-૨૦૨૩ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદી

| નંબર | નામ | ગામનું નામ |
|---|---|---|
| ૮૭૧૯ | અભિષેક આર. ચૌહાણ | સુરત |
| ૭૯૫૭ | અરવિંદભાઈ આઈ. પટેલ | અમદાવાદ |
| ૮૫૨૪ | બલદેવભાઈ એમ. રબારી | મહેસાણા |
| ૮૭૧૪ | ચંદ્રકાંત વી. મહેતા | મહેલોલ |
| ૮૭૦૯ | ગ્રંથપાલ શ્રી | સોનગઢ |
| ૮૭૧૫ | હંસાબહેન એ. બારી | સુરત |
| ૮૫૩૬ | સુભાષભાઈ પી. ભટ્ટ | મુંબઈ |

**અનુસંધાન પેજ નં. ૨૬ નું ચાલુ**

૮. નરોડાના અમુક સ્વજનોએ આવું આયોજન ફરી થાય તો સારું એમ ભાવના વ્યક્ત કરેલી, અમુક સ્વજનોએ જણાવેલ કે હવે આવું આયોજન કરતાં પહેલાં રૂબરૂ મળવું કે જેથી કદાચ તેઓ જાતે જ કે મિત્રો સાથે મળી આખા ઉત્સવની યજમાની પણ કરે. આ બધી બાબતો મારી દૃષ્ટિએ બહુ નોંધપાત્ર કોઈ અલગથી રજૂઆત કરતાં ધન્યતા અનુભવું છું. સૌ સહકાર્યકરોના સાથ-સહકાર વગર આ કાર્ય આટલું સફળ ન થઈ શક્યું હોત એમ સમજી તેઓ સર્વેનો પણ આભાર માનું છું. પૂજ્ય શ્રીમોટાને પ્રણામ. હરિઃૐ.

## (૧૧) પૂજ્ય શ્રીમોટાના ૧૨૬મા જન્મદિન ઉત્સવની સાથે સાથે... સુરેશ વોરા

ઉપરોક્ત ઉત્સવનો અહેવાલ પૃ. નં. ૭ ઉપર અપાયેલો છે. જે યોગ્ય જ છે. પરંતુ ઉત્સવ આયોજનની શરૂઆતથી અંત સુધીમાં અમુક બાબતો પૂજ્ય શ્રીમોટાની કૃપાથી પ્રભાવિત હોઈ તેની સાદર રજૂઆત કરવાનું યોગ્ય લાગતાં નીચે મુજબના મુદ્દા રજૂ કરું છું.

૧. બહુ જ વિચારણા બાદ માત્ર ત્રણ સ્વજનોએ હિંમત કરી ઉત્સવની માગણી કરી.

૨. હરિઃૐ આશ્રમ નડિયાદ દ્વારા 'શક્તિ એવી ભક્તિ' મુજબ દાન આપી શકાશે. તેવી ખાતરી મળતાં ઉત્સવની યજમાનગીરી સામૂહિક રીતે કરવાનું સ્વીકારવામાં આવ્યું.

૩. ઉત્સવના આયોજન માટેની એક મિટિંગ નરોડા ખાતેના નામસ્મરણ મંદિરમાં રાખવામાં આવી. તેમાં ૧૨૬ સ્વજનોને ફાળા માટે લેવાના રૂ. ૫૦૦૦/-ની દરખાસ્ત યજમાન બનવા માટે લેવાના તેવી આવી. તે દરખાસ્તને વિચારણા બાદ ૧૧,૦૦૦/- કરવા તેવી દરખાસ્ત થતાં તે મુજબ સ્વીકાર કરવામાં આવ્યો. તેની સમિતિ બનાવવામાં આવી. તેના કન્વિનર તરીકે સુરેશ વોરાની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

૪. કુલ ૭૯ સ્વજનો દ્વારા રૂ. ૧૪,૨૮,૯૬૪/- રકમ ઉત્સવ ખર્ચ માટે ભેગી થઈ. જેમાંથી રૂ. ૮,૬૪,૫૦૨ હરિઃૐ આશ્રમ નડિયાદને અર્પણ કરાયા. જે નરોડામાં થયેલ ઉત્સવોમાં કદાચ સૌથી વધારે હશે. બાકીના રૂ. ૫,૬૪,૬૪૨/- ઉત્સવના ખર્ચમાં વપરાતા સંપૂર્ણ રકમ પૂરી થઈ હોઈ રકમ બચત, બેલેન્સ કે હાથ ઉપર રાખવામાં આવી નથી. જે સદ્‌ગુરુશ્રી પૂજ્ય શ્રીમોટાની અસીમ કૃપાનો અનુભવ છે તેવો દાખલો છે.

૫. આ ઉત્સવમાં સામેથી પરદેશથી, તેમજ બીજા બહારગામ રહેતાં સ્વજનો દ્વારા પણ ફાળો આપવામાં આવેલ છે.

૬. ગુજરાતના છેવાડાના તાલુકા મેઘરજનાં સણગાવ ગામની શાળાની ધો.૯ ની વિદ્યાર્થિની 'વીણા' - જે પ્રજ્ઞાચક્ષુ છે. તેની અમોને ઓળખાણ થતાં તેને ઉત્સવમાં ધૂન-ભજન ગાવા આમંત્રણ આપેલું કે જેથી તેના આત્મવિશ્વાસમાં વધારો થાય જે પૂજ્ય શ્રીમોટાની 'મારે સમાજને બેઠો કરવો છે' તે ભાવના વ્યાવહારિક રૂપમાં વ્યક્ત થાય. તેણે સરસ ગાયું અને સ્વજનોએ ઉમળકાથી તેને વધાવી લીધી અને આશીર્વાદની નોટોના રૂપમાં વર્ષા કરી રૂ. ૧૨,૦૦૦/- જેવી કુલ રકમ તેને આપવામાં આવી તથા એક સ્વજને રૂ. ૫,૧૦૦/-નું કી બૉર્ડ પણ ભેટમાં આપી. વીણાનું બહુમાન કરાયું ત્યારે તેની સ્કૂલના શિક્ષક તથા ટ્રસ્ટીઓએ પણ ગૌરવ અનુભવ્યું.

૭. આ ઉત્સવમાં નરોડા ગામ તથા અમદાવાદ શહેર તથા અન્ય સ્થળોનાં સ્વજનોએ આપેલ સેવા, સહકાર અનન્ય હોઈ સૌનો આ તકે આભાર માનું છું. ઉપરાંત નરોડામાં આવેલ વાડી કે જ્યાં ઉત્સવનું આયોજન કરાયું તે વાડીના સર્વે સંચાલકો, અધિકારીઓ, કર્મચારીઓનો આભાર માનું છું કે જેઓ હંમેશા અમોને સાથ-સહકાર આપવા તત્પર હોય છે. રાત્રીરોકાણ માટે બીજી એક વાડી-વ્યાસવાડી રાખી કે જ્યાં આશરે ૨૦૦/- સ્વજનોએ એ.સી. હૉલમાં રોકાણ કરેલું તે વાડીના સંચાલકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

**અનુસંધાન પેજ નં.૨૫ પર**

હરિ:ૐ



## આશીર્વચન

તમારા ગૃહે ઈશ માંગલ્ય પ્રેરો,
તમારા ગૃહે શાંતિ, આનંદ વ્યાપો,
તમારા ગૃહે ચેતના વાસ થાજો,
તમારું સદા આત્મકલ્યાણ થાજો.૦૧

જલાવી પ્રભુ પ્રેમનો દીપ ન્યારો,
તમારા ગૃહે દિવ્ય ઉલ્લાસ રેલો,
અહંકાર ને દર્પના અંધકારો,
પ્રભુ પ્રેમજ્યોતિ થકી દૂર થાજો.૦૨

**શ્રીમોટા**

HARIBHAV, NOVEMBER, 2023

" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2021-2023
Valid upto 31st December - 2023 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2021-2023
valid upto 31-12-2023






ઉત્સવમાં પ્રવચન આપી રહેલ
શ્રી કાર્તિકેયભાઈ ભટ્ટ

તા. ૭-૮-ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ ઊજવાયેલ પૂજ્ય શ્રીમોટાના ૧૨૬મા જન્મદિનની ઝાંખી
યજમાન : સમૂહ ઉત્સવ સમિતિ, નરોડા, અમદાવાદ તથા અન્ય સ્વજનો.

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA   E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007